# સહજ-સત્સંગ

અંક : ૨૪૮ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઓગષ્ટ : ૨૦૦૯



**ભવાની ભારતી**

**મહર્ષિ તણો આર્વિભાવને, ભારત આઝાદી - દિન,**
**અખંડ ભારત ઉરમાં ધરે, ભવાની માત સદૈવ.**



**શ્રી માતાજી**

મીરાંબા ધરતી તળે, આવ્યા એ છે વાત,
ઉત્ક્રાંતિએ હરણફાળ ભરી, બને પુરાવો સાક્ષાત્.

## પ્રાર્થના અને ધ્યાન
(૧૮-૫-૧૯૧૪)



# પ્રભુ - પ્રાપ્તિ પછીનું કાર્ય

જે પોતાના સ્વરૂપની ગહનતાઓમાં તારી સાથે અદ્વૈત પ્રાપ્ત કરે છે તે તારી પરમ વાસ્તવિકતારૂપે બની રહે છે, એ વાસ્તવિકતાની શાશ્વત અને અવિકારી એવી સર્વ શક્તિમત્તાની અંદર. પરંતુ બીજા લોકો માટે, આદેશ એવો છે કે, તેમણે તારી સાથે સંપર્કમાં રહેવાનું ચાલુ રાખીને પોતાની દૃષ્ટિને અને પોતાની પ્રવૃત્તિને તારા પ્રતિ વાળેલી રાખવીઃ એ લોકોને તેં આ પ્રમાણેનું જીવન-કાર્ય સોંપેલું છે.

એ (પહેલા) લોકોએ પેલું ભવ્ય તાદાત્મ્ય સાધી લીધા પછી પણ, તારી દિવ્ય ઈચ્છાનો આવિર્ભાવ કરી આપે તેવા કરણને સંપૂર્ણ બનાવવા માટે કામ કરવાનું રહે છે અને આ વખતે કામ ભારે કઠણ બનવા લાગે છે. (કરણમાંની નબળાઈઓ) મને કોઈ રીતે વ્યથિત કરતી નથી તો તેનું કારણ માત્ર એ જ છે કે સાચો ''હું'' તારા ચરણોમાં આવીને ઢળી પડેલો છે... અથવા તો તારી શાશ્વત અને અવિકારી ચેતનાને વિષે સભાન બનેલો છે..... અને તેથી તે... એક ધીરજભરેલી અને સમજદાર એવી દયા ભાવનાથી સ્મિતપૂર્વક જોઈ રહેલો છે.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૮ વર્ષ : ૨૧

ઑગસ્ટ - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

- તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - **૧**
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

: સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**
**તેજસ વસા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005

Reg.No. - GRJ-303 / Dec. - 2011
The Registrar of Newspapers for India
Reg.No. - 07598/22 A.K.GTC

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન)
80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
ભારતમાં વાર્ષિક રૂા. ૧૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૮૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન

(૧૮-૫-૧૪)

પ્રભુની કૃપાથી પોતાની વ્યક્તિગત-ચેતનાને પરમ-પ્રભુની અસીમ, નિર્મળ શુદ્ધ અસ્તિત્વ-સ્વરૂપ નિરાકાર ચેતનામાં વિલીન કરી દીધી છે, પોતાના અહંકારને નામશેષ કરી દીધો છે અથવા તેને પ્રભુના આવિર્ભાવનું એક નિર્મળ આવિર્ભાવ કેન્દ્ર બનાવી દીધું છે.

તેઓ પ્રભુની પરમ વાસ્તવિકતામાં જીવતા હોય છે. એટલે બધા જ સજીવ નિર્જીવ સ્વરૂપોની મૂળભૂત અસ્તિત્વ સ્વરૂપ સત્તા અથવા સત્. તે વાસ્તવિકતામાં કોઈ રાગદ્વેષ, ભેદભાવ, કાંઈ જ નથી. છે ફક્ત બધા જ સાથે એકરૂપતા અનુભવવાની ટેવ. આવી એકરૂપતાને જ દિવ્ય-પ્રેમ કહેવામાં આવે છે. આવી રીતે સાધક તે કક્ષામાં બધાં જ વિકારોથી મુક્ત રહી શકે છે. અને પ્રેમ અર્થાત્ તાદાત્મ્ય એવી શક્તિ છે જે પોતામાં અને અન્યમાં પ્રભુના સંકલ્પોને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવાની ક્ષમતા ધરાવે છે. તેથી માતાજી તેને 'સર્વશક્તિમત્તા' કહે છે. જેમણે આ ભવ્ય એકરૂપતા સાધી નથી,પરમ-પ્રભુ જેમને હજી આઘે આઘે અને પોતાથી જુદા જ લાગે છે તેમને માટે આવી અવસ્થાને ધીમે ધીમે પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ છે - તેણે પ્રભુની ચેતના સાથે સંપર્કમાં રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવો સંપર્ક તેને ભક્તિભાવપૂર્ણ હૃદયમાં જ સધાય છે. જ્યારે હૃદયમાં પ્રભુપ્રેમ ઉભરાઈ આવે છે, ત્યારે અચૂક આવો સંબંધ સ્થપાતો હોય છે. તેમજ જ્યારે નિસ્વાર્થભાવે. પ્રભુના એક કરણ બનીને પ્રભુપ્રેમથી વિવશ બની પ્રવૃત્તિ કરો છો ત્યારે પણ આવો સંપર્ક હૃદયમાં અનુભવાય છે.

આ સંપર્ક પ્રભુની હાજરીના અનુભવ સ્વરૂપ હોય છે.

હૃદયમાં પ્રભુનું નિત્ય સ્મરણ કરવું તેને માતાજી પ્રભુ તરફ દૃષ્ટિ વાળવી એમ કહે છે અને પ્રભુ પ્રેમથી કોઈ કર્મ કરવું તેને પ્રભુ તરફ પ્રવૃત્તિને વાળવી એમ કહે છે.

જેમણે હજી પ્રભુની ચેતના સાથે એકરૂપતા સાધી નથી તેમને માટે માતાજી આવી જીવનપદ્ધતિ પ્રશસ્ત અને યોગ્ય ગણે છે. આને જ આપણે આપણા જીવનનું કાર્ય, જીવનનો હેતુ ગણવો જોઈએ એમ માતાજી જણાવે છે.

જેમણે પ્રભુની ચેતના સાથે એકરૂપતા સાધી હોય તેમનું કાર્ય પૂરું થયું છે એમ માનવાની તેઓ ભૂલ ન કરે, તેમને માટે એક તબક્કો પૂરો થયો છે જે બીજા તબક્કાની શરૂઆત હોય છે. બીજા તબક્કામાં તેણે પોતાના કરણોને - મન, પ્રાણ શરીરને અર્થાત્ વિચારો, ભાવનાઓ અને કર્મોને (શાસ્ત્રીય ભાષામાં કહેવું હોય તો જ્ઞાન, ઈચ્છા કૃતિને) પ્રભુના કાર્યનાં પૂર્ણ, શુદ્ધ અને કાયમી કરણ બનાવવાની તપશ્ચર્યા શરૂ કરવાની હોય છે. આ તપશ્ચર્યા પ્રભુની ચેતના સાથે એકરૂપ થવાની તપશ્ચર્યાથી પણ વધારે આકરી હોય છે.

આ તપશ્ચર્યા આકરી લાગવાનું કારણ એ છે કે સ્વાભાવિક રીતે સાધકનાં કરણો અવચેતન અને અચેતનનાં પ્રભાવ નીચે હોય છે. અવચેતનનો પ્રભાવ આપણા વિચારોને નિશ્ચિત રીતે વ્યક્ત કરવાની ટેવ, ભાવનાઓને વિશિષ્ટરૂપે અભિવ્યક્ત કરવાની ટેવ, અને કર્મોની નિશ્ચિત રીતે કરવાની ટેવ; આવી વિવિધ પ્રકારની પસંદગીઓ અને ટેવો સ્વરૂપે દેખાય છે. જ્યારે અચેતનનો પ્રભાવ આળસ, નિરસતા, કંટાળો, વેઠ, આ સ્વરૂપે પ્રગટ થતો હોય છે. આ બધાં દૂષણો જોઈને સાધકમાં ત્રણ પ્રકારના પ્રતિભાવો જન્મે છે:

૧ હું યોગ કરવાને લાયક નથી. મને સુધારવો મારા માટે અશક્ય છે.

૨ સતત પ્રશ્ચાતાપમાં બળતા રહીને અવસાદ અને વિષાદમાં સરી પડવું

૩ આંતરિક જીવનને ન સુધારતાં તેની આળપંપાળ કરતા રહેવું. તેને માનવ-સુલભ નબળાઈઓ ગણી તે તરફ દુર્લક્ષ્ય કરવું પણ બહારથી સાધકની જેમ વર્તતા રહી દંભ આચરવો.

આ ત્રણે પ્રત્યાઘાત અવચેતને અને અચેતને પોતાના બચાવ માટે નિર્માણ કરેલાં હોય છે. તેથી તેમને યોગ્ય ન ગણતા માતાજી સાધનાને પોષક એવી ચોથી ભૂમિકા સ્વીકારે છે. તેમાં માતાજીનો અહંકાર નામઃશેષ થવાથી અથવા પ્રભુને સમર્પિત થવાથી તેણે આ સાધનાને અનુરૂપ ભૂમિકા લીધી છે. તે જ્યારે કરણોની નબળાઈઓ જોય છે ત્યારે એમ સમજે છે કે આ નબળાઈઓ નષ્ટ તો થવાની જ છે. પ્રભુના પ્રકાશમાં તે ટકવાની તો નથી જ. આવી શ્રદ્ધા અને આત્મવિશ્વાસને કારણે તેને પશ્ચાત્તાપ થતો નથી. પણ ઉત્ક્રાંતિની આ પ્રક્રિયા પૂર્ણ થવા માટે જરૂરી સમય શાંતિથી સાધનામાં રહી પસાર કરવાનો નિર્ણય લે છે. તેમાં શ્રદ્ધાનું સ્મિત હોય છે, ધીરજ હોય છે, સમતા હોય છે અને હોય છે એક વિશ્વાસ કે પ્રભુ તો દયામય છે તે મને આમાંથી ઉગારી લેશે જ.

આવો સમતાપૂર્ણ, સમજદારીપૂર્ણ સમર્પણભાવ એ જ યોગ્ય ભૂમિકા છે.

# યોગનો પ્રારંભ

- જ્યોતિબેન થાનકી

## યોગનો પ્રારંભ

આપણે યોગ વિષે જાણતા હોઈએ છીએ. ભગવાનનો સાક્ષાત્કાર કરવાની અભીપ્સા પણ આપણા હૃદયમાં હોય છે. આપણું વર્તમાન જીવન ભગવાનની દિવ્ય હાજરીથી સભર બની રહે, અને એ સાર્થક બને એ માટેની તીવ્રતમ ઝંખના પણ આપણે સેવતા હોઈએ છીએ. એ માટે યોગ કરવો જોઈએ, એવી આપણને ખબર પણ છે. પણ પ્રશ્ન એ છે કે યોગ કેવી રીતે કરવો ? એમાં પ્રવેશવું કેવી રીતે ? આ વિષે આશ્રમનાં બાળકો, સાધકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં શ્રી માતાજીએ જે માર્ગદર્શન આપ્યું છે, તે દ્વારા આપણે જાણી શકીએ છીએ કે યોગનો પ્રારંભ કેવી રીતે કરવો.

## પ્રથમ ક્રિયા છે આત્મ સમર્પણની :

શ્રી માતાજી કહે છે કે ''યોગમાં સહુ પ્રથમ કરવાની ક્રિયા તે આત્મસમર્પણની છે. તેમાં તમે પોતાની જાતને કહો છો, હું હવે મારા નાના નાના અંગત સંતોષો ખાતર જીવીને માત્ર મારી જાતને આધીન વ્યક્તિ જ બની રહેવા માગતો નથી. મારે તો આ અદ્‌ભુત વસ્તુના - પ્રભુના બની રહેવું છે.'' આમ પ્રથમ તો માણસે એકવાર સંકલ્પ કરવાનો રહે છે. અને એ પછી પ્રભુને સમર્પણ કરીને પોતાના આત્માને શોધી કાઢવાનું કામ કરવાનું છે. શ્રી માતાજી કહે છે કે, ''જેમણે નિર્ણય લઈ લીધો છે, તેમના માટે પ્રથમ પોતાના આત્માને શોધી કાઢવો અને પોતાના ચૈત્ય અસ્તિત્ત્વ સાથે, અંદર રહેલા ભગવાન સાથે જોડાણ કરવું અનિવાર્ય છે. આ તદ્દન અનિવાર્ય શરૂઆત છે.''

## આત્માને શોધવો કઈ રીતે ?

આત્માને શોધવા માટેની કોઈ પદ્ધતિ કે કોઈ માર્ગ છે ખરો ? આ વિષે શ્રી માતાજી કહે છે કે, ''એ માટે દરેક માણસ પોતાની રીતે પોતાના માર્ગને અનુસરતો હોય છે.'' દરેક મનુષ્યનો પોતાનો આગવો જ માર્ગ હોય છે. દરેક વ્યક્તિને ભગવાન સાથે અનોખો અને આગવો જ સંબંધ હોય છે. એ સંબંધને વધુ દૃઢ અને ગાઢ કરવાનો માર્ગ પણ દરેકનો અલગ અલગ હોય છે. આથી

વ્યક્તિએ અભીપ્સા, પ્રાર્થના, ભક્તિ, સમર્પણ, ધ્યાન, જ્ઞાન કોઈપણ સાધન જે પોતાને વધારે સરળ અને અનુરૂપ જણાય તે દ્વારા ભગવાન સાથેનો સંબંધ પ્રસ્થાપિત કરીને ભગવાનનો સાક્ષાત્કાર કરી લેવાનો છે. શ્રી અરવિંદે સાધકને પત્રમાં જણાવ્યું હતું કે, ''આ યોગમાં કોઈ પદ્ધતિ નથી, સિવાય એકાગ્રતા કરવી. શ્રી માતાજીની શક્તિને પોકાર કરવો.'' મન શાંત થાય, એકાગ્રતા તીવ્ર બને, અભીપ્સા ઉત્કટ બને, ત્યારે અનુભૂતિનો પ્રારંભ થાય છે. જેમ શ્રદ્ધા વધુ તેમ પરિણામ ઝડપી આવે છે. શ્રી અરવિંદ કહે છે કે ''પ્રારંભમાં તો માણસે આટલું જ કરવાનું હોય છે. પ્રત્યેક પગલે પ્રભુની દિવ્યકૃપામાં વિશ્વાસ રાખવો. પ્રત્યેક વિચાર અને કર્મને પ્રભુ પ્રત્યે વાળવાં. જ્યાં સુધી અંદરનું સત્ય ન ખૂલે, શ્રી માતાજીની દિવ્યશક્તિ આધારમાં કામ કરતી ન થાય, ત્યાં સુધી આ પ્રયત્ન સતત ચાલુ રાખવો.''

### બીજી ક્રિયા છે, જાગૃત બનવાની :

પ્રારંભમાં સાધકે જે બીજી વસ્તુ કરવાની છે તે છે સભાન અને જાગૃત બનવાની. શ્રી માતાજી કહે છે, ''તમારે સચેતન એટલે કે ચૈત્ય ચેતનામાં જાગૃત થવું જોઈએ.'' પણ કેવી રીતે જાગૃત થવું ? એ માટે શું કરવું ? આ વિષે પણ તેમણે માર્ગદર્શન આપ્યું છે. અત્યારે તો આપણે આપણી ચેતનાના એક નાના એવા અંશ વિષે જ સભાન છીએ. ચેતનાના વિશાળ ભાગથી તો સાવ અજ્ઞાત જ છીએ. આ આપણી અજ્ઞાનતા જ આપણને નિમ્ન પ્રકૃતિ સાથે બાંધી રાખે છે અને એ પ્રકૃતિમાં કોઈ જાતનો ફેરફાર થવા દેતી નથી. શ્રી માતાજી કહે છે કે, ''તમારે તમારી જાત વિષે સચેતન બનવાનું છે. તમારી પ્રકૃતિ, તમારી ગતિ, તમારી ક્રિયા, પ્રક્રિયાઓ, પ્રત્યેક પ્રત્યે જાગૃત થવાનું છે. તમે શા માટે કાર્ય કરો છો ? એ કેવી રીતે કરો છો ? તમે શા માટે વિચાર કરો છો ? એ વિચાર કેવી રીતે કરો છો ? વસ્તુઓ પ્રત્યે તમને શા માટે આસક્તિ છે ? આ બધાંની તમને ખબર હોવી જોઈએ. તમારા કાર્યની પાછળનો ઉદ્દેશ, પ્રેરણા, એની પાછળની ગુપ્ત કે પ્રગટ શક્તિ આ બધાની પણ તમને ખબર હોવી જોઈએ. તમારે તમારા ચિત્તતંત્રને એક એક ભાગની પેઠે છૂટું પાડવું જોઈએ. એકવાર તમે આ રીતે જાગૃત બનશો પછી તમે વિવેક કરી શકશો. ખરાં-ખોટાંની પરખ કરી શકશો. દૈવી - આસુરી શક્તિનો ભેદ કરી શકશો. આ દૃષ્ટિ જાગૃત થયા પછી તમારે એ જ્ઞાન પ્રમાણે જ કર્મો કરવાં જોઈએ. એટલે કે સાચાંનો સ્વીકાર અને જૂઠાનો ઈન્કાર. સાધનામાં તો દિવ્ય-અદિવ્ય, સત્ય અસત્યનાં જોડકાંઓ આવીને

ઊભાં જ રહેશે. આથી દરેક પગલે તમારે સાવધાનીપૂર્વક પસંદગી કરવી પડશે. તમારે આ માર્ગમાં ધીર-ખંતીલા અને સદા જાગૃત બની રહેવું જોઈશે.''

**ત્રીજી પ્રક્રિયા છે, સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્ત થવાની :**

આ યોગમાં પ્રવેશ થાય પછી વ્યક્તિએ ઘણી ઘણી બાબતો માટે સજ્જ રહેવું પડે છે. આ માટે સાધકોને સાવધાન કરતાં શ્રી માતાજી કહે છે કે, ''જ્યારે તમે યોગસાધના કરવા તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા જ ઘાટોના તથા પ્રાણના થયેલા આધારોના ટુકડે ટુકડા થઈ જાય એ માટે તમારે તૈયાર રહેવું જોઈએ. સાધના કરવી હોય તો ફક્ત તમારા અંતરાત્માની શ્રદ્ધા સિવાય બીજા કશા પણ આધાર વગર તમારે હવામાં અદ્ધર લટકવાની તૈયારી રાખવી પડશે. તેની સર્વ આસક્તિઓ સમૂળગી છોડી દેવી પડશે. તમારી ચેતનામાંથી તેને ઉખેડીને દૂર ફેંકી દેવી પડશે. તથા સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્ત થઈને એક નવો જન્મ લેવો પડશે. તમે જે હતા તેનો વિચાર ન કરો. પરંતુ તમે જે થવાની અભીપ્સા રાખો છો, તેમાં મનને પરોવો. તમે જેનો સાક્ષાત્કાર કરવા માગતા હો, તેમાં જ લીન થઈ જાઓ. તમારા મરી ચૂકેલા ભૂતકાળમાંથી પાછા હટી જાઓ. અને ભવિષ્ય પ્રત્યે સીધી દૃષ્ટિ રાખો. તમારો ધર્મ, તમારો દેશ, તમારું કુટુંબ ત્યાં છે - પ્રભુમાં.'' આમ યોગમાં પ્રવેશ કર્યા પછી ભૂતકાળની આસક્તિઓ, પોતાની ઈચ્છાઓ, બધાંમાંથી મુક્ત થઈને માણસે પ્રભુની દિવ્ય ચેતનામાં નવેસરથી જીવન ધારણ કરવાનું છે.

**દિવ્ય રૂપાંતરની પ્રક્રિયા :**

રૂપાંતરના યોગમાં પહેલાં તો પર્યાપ્ત જ્ઞાન સાથે પોતાના મનમાં અતિમનસનો સ્વીકાર કરીને પછી તેની અનુભૂતિ કરવાની છે. એ પછી રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે. આ વિષે સમજાવતાં શ્રી માતાજી કહે છે, ''પ્રથમ માણસે પોતાના વિચારોનું, મનનું, સર્વ માનસિક ક્રિયાઓનું રૂપાંતર કરવું જોઈએ. ઉચ્ચત્તર જ્ઞાન દ્વારા આ બધાંને સંગઠિત કરવા જોઈએ. સાથે સાથે માણસે પોતાના ચારિત્ર્યનું, પ્રાણની સર્વગતિઓનું, સર્વ આવેગોનું, સર્વ પ્રતિક્રિયાઓનું રૂપાંતર કરવું જોઈએ. જ્યારે આ બે વસ્તુઓ અમુક હદ સુધી સિદ્ધ થાય ત્યાર પછી છેલ્લે માણસ પોતાના શરીરના કોષોનું રૂપાંતર કરવાનો વિચાર કરી શકે. તેણે અંતથી નહીં પણ પ્રારંભથી શરૂઆત કરવો જોઈએ. ઘણાં લોકો અંતથી શરૂઆત કરવા ઇચ્છે છે. તેઓ એમ માને છે કે અમે અમારાં જીવનમાં અતિમનસ શક્તિને અથવા ચેતનાને અભિવ્યક્ત કરવા સમર્થ બની

ગયાં છીએ. તેથી તેઓ પોતાનાં કાર્યોમાં, ગતિઓમાં, દૈનિક જીવનમાં તેને સ્થાપવા ઈચ્છે છે. પણ મુશ્કેલી એ છે કે તેઓ અતિમનસ શક્તિ અથવા ચેતના શું છે, તે જાણતા નથી. જ્યાં સુધી માણસને એ સત્ય પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી તેણે કશું જ અભિવ્યક્ત કરવાનું રહેતું નથી. કેવળ કલ્પના કરવાથી તો માણસ અપવાદરૂપ ભ્રાન્તિમાં જીવતો હોય છે. સહુ પહેલાં માણસે માત્ર પોતાના આત્માને જ નહીં પણ આત્માના માલિક એવા પરમાત્માને શોધી લેવો જોઈએ, એટલું જ નહિં પણ એની સાથે તાદાત્મ્ય કરી લેવું જોઈએ. પછી જ તે બાહ્ય ક્રિયા પ્રત્યે પાછા આવવાની અને રૂપાંતર કરવાની શરૂઆત કરી શકે. માણસ આ અવસ્થા પરથી કૂદકો મારી શકતો નથી.''

આ યોગમાં છલાંગ મારીને સીધું અતિમનસમાં પહોંચી શકાતું નથી. અલબત્ત સાધનાના ગાળાને ટૂંકાવી શકાય. પરંતુ દિવ્ય રૂપાંતરના ક્રમમાં ફેરફાર થઈ શકતો નથી. પ્રથમ મન અને મનોમય ચેતના, પછી પ્રાણ અને પ્રાણમય ચેતનાનું દિવ્ય રૂપાંતર થાય છે. શ્રી માતાજી કહે છે કે, ''હંમેશા આ જ પ્રકારનો ક્રમ રહેલો છે. એમાં તમે ઝડપથી સિદ્ધ કરી શકો છો. જેને સિદ્ધ થતાં અનેક જન્મો લાગે તેને તમે થોડાં વરસો કે મહિનાઓમાં કરી શકો છો, પણ તમારે તે કરવું જોઈએ.'' રૂપાંતરની આ યોગસાધના માટેની ચાવી શ્રી માતાજીએ આપણને આપી છે. તે આ છે, ''રૂપાંતરની પ્રક્રિયાના આખા ય પ્રશ્નના સત્યની એક માત્ર ચાવી આ છે. હંમેશા ભગવાનની હાજરીનો સ્પર્શ અનુભવવો, તેને તમારામાં ઉતારવા તત્પર રહેવું, પછી જે કંઈ બનશે તે સર્વોત્તમ જ હશે.''

---


## SPONSORSHIP

This issue is sponserded by **RAVINDRA & TARALIKA PATEL** of U.S.A. in the memory of **Late SHARDABEN J. PATEL** of London U.K. who took keen interest in the progress of "Sahaj Satsang".

# સહજ સત્સંગ

## 'સાવિત્રી' વિષે શ્રી માતાજી

(૫ - ૧૧ - ૬૭)

### મોના સરકાર

(સાભાર - શ્રી અરવિંદ સોસાયટી - વડોદરા)

''તને ન સમજાય તો કંઈ વાંધો નહિ પણ સાવિત્રી દરરોજ વાંચજે. તને જણાશે કે દરેક વખતે તું વાંચીશ ત્યારે કંઈક નવો પ્રકાશ મળશે.

શબ્દો અને પંક્તિઓમાંથી હંમેશા કંઈક અનપેક્ષિત બહાર તરી આવશે. જે કંઈ પાછળ અદૃષ્ટ હતું તે સ્પષ્ટપણે, વિગતસર પ્રકાશિત થઈ રહ્યું છે. તારા અનુભવને કંઈક સમૃદ્ધ કરી રહેલું જણાશે. પરંતુ તારે બીજાં પુસ્તકો કે દૈનિક પત્રો જેમ વાંચે છે, તેમ સાવિત્રી વાંચવાનું નથી. તારા મગજને ખાલી કરીને, કોરું કરીને, શૂન્ય કરીને વાંચવાનું છે. ત્યાં અન્ય કોઈ વિચાર હોવો ન જોઈએ. તારે ઘણા એકાગ્ર થવાનું છે, ખાલી, શાંત અને ખુલ્લા રહેવાનું છે. તારા પ્રયત્ન વગર બધું ખુલતું જશે.

નીસરણીના સર્વોચ્ચ પગથિયે ચઢવા માટે 'સાવિત્રી' એકલું જ પૂરતું સાધન બનશે. જો કોઈ ખરેખર તેના પર ધ્યાન કરે તો તેને જોઈતું બધું તેમાંથી મળી રહેશે. જેને એ માર્ગે જવાની ઈચ્છા હશે, તેને માટે તે નગદ સહાય બની રહેશે, જાણે કે પ્રભુ પોતે જ હાથ પકડીને લઈ જતા હોય, નિર્ણીત લક્ષ્ય પ્રત્યે દોરી જતા હોય ! દરેક મુશ્કેલીને ઓળંગવાને માટેનું સાધન ત્યાં જડી આવ્યું છે. શ્રી અરવિંદે એક ગ્રંથમાં આખું વિશ્વ ઠાંસી દીધું છે. શ્રી અરવિંદે તે લખતાં પહેલાં મને જણાવ્યું હતું : ''હું એક નવું સાહસ ખેડવા પ્રેરાઈ રહ્યો છું. કેટલે અંશે સફળ થઈશ તેની ખબર નથી. મદદને માટે પ્રાર્થું છું.'' પછી જ્યારે 'સાવિત્રી'ની ખરેખરી શરૂઆત થઈ ત્યારે તેમણે કહ્યું ''અનંતના અફાટ વિસ્તારમાં સુકાન વગરની નૌકામાં મેં ઝંપલાવ્યું છે.'' ખરું જોતાં ''સાવિત્રી''નું સમગ્ર સ્વરૂપ સર્વોચ્ચ ભૂમિકાના લોકમાંથી એકી સાથે ઊતરી આવ્યું છે અને શ્રી અરવિંદે પોતાની પ્રતિભાને બળે પંક્તિઓ વ્યવસ્થિત કરી દીધી છે, તેમણે શક્ય તેટલાં સર્વોચ્ચ શિખર પરથી પ્રેરણા પામવા અથાક પ્રયત્ન કર્યો છે.

બેટા, મેં ઘણું વાંચ્યું છે, પણ ''સાવિત્રી''ની સાથે સરખાવી શકાય એવું કશું

મેં જોયું નથી. એ સઘળી સાહિત્યિક કૃતિઓ, મને ખાલી જણાઈ છે, અસાર અને પોલી જણાઈ છે. આપણે એમ કહી શકીએ કે ''સાવિત્રી'' એક શ્રુતિ છે, એક ધ્યાન છે. તે અનંતની, શાશ્વતિની એક ખોજ છે, જો એનું વાચન અમરતાની આવી અભીપ્સાથી કરવામાં આવે, તો માત્ર વાચન અમરતાનું માર્ગદર્શન કરાવશે.

યોગનું એકે એક સોપાન એમણે નોંધ્યું છે અને અન્ય યોગનું રહસ્ય પણ સમાવ્યું છે. જો કોઈ સાચોસાચ એની કંડિકામાં આવિર્ભાવ પામેલા રહસ્યને અનુસરીને શકે તો આખરે તે અતિમાનસિક યોગનાં રૂપાંતરને પહોંચી શકે.

''સાવિત્રી'ની પંક્તિએ પંક્તિ મંત્ર છે.

વહાલા બાળક, ખરેખર એમાં બધું જ છે - અગમ્યવાદ, ગૂઢવાદ, ફિલસૂફી, ઉત્ક્રાંતિનો વિકાસક્રમ, માનવોનો, દેવોનો, સૃષ્ટિનો, પ્રકૃતિનો ઈતિહાસ. વિશ્વનું સર્જન કેવી રીતે થયું, શા માટે થયું, ક્યા હેતુઓને લઈને થયું, નિયતિ કઈ છે એ બધું એમાં છે. પરંતુ તેની પંક્તિઓની પાછળ આ રહસ્યમયતા ઠીક ઠીક છુપાયેલી છે. તેને શોધવા માટે શોધકે સાચી ચેતનાની અધિકૃત ભૂમિકા પર આરોહણ કરવું જરૂરી છે. બધી ભવિષ્યવાણી, જે કંઈ બનવાનું છે, તે સઘળું ખૂબ ચોક્કસ અને આશ્ચર્યપૂર્ણ સ્પષ્ટતાથી તેમાં રજૂ કરવામાં આવ્યું છે.

ચેતનાના પ્રત્યેક સ્તર પર કેવી રીતે જઈ શકાય, કેવી રીતે મૃત્યુની બાધાને ઓળંગીને જવાય, અમરતાને પહોંચી શકાય, એ બધું એમાં જણાવાયું છે. શ્રી અરવિંદે બધી ભૂમિકાઓ નોંધી હતી, તેમાંના પૂર્ણયોગમાં પૂર્ણપણે આગળ વધવા માટે દરેક પગથિયું ચિહ્નિત કર્યું હતું.

આ બધી તેમની પોતાની અનુભૂતિ છે. અને સૌથી આશ્ચર્યકારક તો એ છે કે તે મારી પણ અનુભૂતિ છે. એમણે મારી સાધના સુગ્રથિત કરી છે. પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક ઉપલબ્ધિ, બધાં વર્ણનો, અરે, એના રંગો સુદ્ધાં મેં જે જોયા બરાબર તે જ છે. શબ્દો, પદો મેં જે સાંભળ્યાં તે જ છે. અને આ બધી મેં એ પુસ્તક વાંચ્યું તે પહેલાની વાત છે. જ્યારે તેઓ લખતા હતા ત્યારે મને વાંચી સંભળાવતા. દરેક સવારે ''સાવિત્રી''નું તેમનું વાચન સાંભળતી, રાતે પોતે લખતા, સવારે વાંચી સંભળાવતા તે સઘળી મેં પહેલાંની રાતે અનુભવેલી હોય, શબ્દેશબ્દ. હા, બધાં જ વર્ણનો, રંગો, ચિત્રો મેં જે જોયેલાં તે જ, શબ્દો મેં સાંભળેલાં તે જ.

આ કંઈ એકાદ દિવસની વાત નથી. દિવસોના દિવસો ચાલ્યા કર્યું. મને જે અનુભૂતિઓ થયેલી તેની સાથે તેમની અનુભૂતિઓ હું સરખાવતી, તે હંમેશા એક

જ હતી. સાચોસાચ, મેં કાંઈ એમને મારી અનુભૂતિઓ કહી બતાવેલી નહોતી; પાછળથી એમણે એ બધી નોંધી રાખેલી હોય એમ પણ નહોતું. ના; ના; મેં જે જોયેલું તે તેઓ પહેલેથી જ જાણતા હતા.

શ્રી અરવિંદે જીવનમાં ઉતારેલી આ અનુભૂતિઓ છે; એ બધી વાસ્તવિકતાઓ છે. વિશ્વાતીત સત્યો છે. જેમ કોઈ વ્યક્તિ શારીરિક રીતે આનંદ કે શોકનો અનુભવ કરે છે, તેમ તેમણે આ બધી અનુભવેલી હકીકતો છે. તેઓ અવચેતનાના અંધકારમાં ચાલેલા, મૃત્યુની નિકટ જઈ પહોંચેલા, નરકની યાતનાઓ તેમણે સહેલી. તેમણે આ યાતનાઓ સ્વીકારી અને પરાત્પરના મિલનના આનંદમાં તેને રૂપાંતરિત કરી. દુનિયાના ઈતિહાસમાં આ એક અનુપમ અને અજોડ ઘટના હતી.

આ યોગ પાર્થિવ ચેતનામાં પહેલીવાર સ્થપાયો છે.

અને મને લાગે છે કે માનવ હજી ય તેને સ્વીકારવા તૈયાર નથી. ''સાવિત્રી'' સમજી શકાય તેમ નથી. તેને સમજવા માટે, તેને આત્મસાત કરવા માટે આધ્યાત્મિક અનુભૂતિ આવશ્યક છે.

ખરું જોતાં તો ભવિષ્યમાં જેની કદર થઈ શકે તેવી આ વાત છે. અને મનુષ્યો વર્જિલ કે હોમરની સાથે તેને સરખાવવાની ધૃષ્ટતા કરે છે, તેને નીચી કોટિની ગણે છે ! તેઓ સમજતા નથી, સમજી શકે તેમ નથી ! તેમને સમજાવવાનો પ્રયત્ન કરવો એ નિરર્થક છે. એ એક રહસ્યોનું રહસ્ય છે.

''સાવિત્રી'' વાંચવાનો સહજ માર્ગ છે હૃદયથી વાંચવાનો. હું તને કહું છું કે જો તું આ અભીપ્સા સાથે ખરેખર એકાગ્ર થઈ શકે તો તારામાં જ્યોતિ પ્રગટશે અને એ પ્રકાશ ચૈત્ય જ્યોતિનો હશે. થોડા સમયમાં જ એ પ્રકાશ તારું શુદ્ધિકરણ કરશે, કદાચ થોડાક દિવસોમાં સામાન્યપણે તું જે કંઈ ન કરી શકે તે ''સાવિત્રી''ને લઈને તું કરી શકશે.

'સવિત્રી'ની મદદથી યોગના સર્વોચ્ચ પગથિયે ચઢી શકશે, તે 'સાવિત્રી'નું ગૂઢ રહસ્ય પામી શકશે અને આમ કરવામાં એને કોઇ ગુરુની જરૂર નહીં જણાય; જો તે મુશ્કેલીઓ સમક્ષ શાંત નિસ્તબ્ધ રહી શકશે, તેને 'સાવિત્રી'માંથી સૂચનો મળી રહેશે, જરૂર નક્કર સહાય મળી રહેશે.

વાસ્તવિક રીતે 'સાવિત્રી' કંઈક નગદ વસ્તુ છે, જીવતીજાગતી વસ્તુ છે. ચેતનાથી તે ઠાંસીઠાંસીને ભરાયેલી છે. તે એક પરમ જ્ઞાન છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના જુલાઈનાં ૨૦૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

## સાચો સહેલો - સાભાર

પ્રભુના માર્ગે જ બધાએ જવાનું છે. આ જન્મે કે આવતા જન્મે એ જ કરવાનું છે. તે માર્ગ મુશ્કેલ જરૂર છે. આડમાર્ગો આકર્ષક હોવા છતાં અંતે આ મુખ્ય માર્ગે જ ચડવું પડે છે.

બધા જ આ વસ્તુ જાણે છે. પણ અવળચંડુ મને કહે છે - ગંમત ખાતર થોડા આડમાર્ગે ટહેલી આવું તો શું વાંધો ? અંતે તો આ માર્ગે જ ફરી આવી જવાનું છે.

ઘણા બુદ્ધિશાળીઓ જણાવે છે કે આવા આડમાર્ગના અનુભવો સાધકને મુખ્ય માર્ગે ઠરીઠામ થવા જરૂરી છે. પણ બધા માટે જ આવી જરૂરિયાત હોતી નથી. જીવનરૂપી પુસ્તકનું દરેક પાનું અને લીટીએ લીટી વાંચવી જ જોઈએ એવું નથી. સાર સમજીને આગળ જવાય તો વાંધો શું ? વળી આ જીવનનાં કેટલાં પાનાં છે તેનો કોઈને ભરોસો નથી. તેથી સીધા માર્ગે જવામાં જ સાર છે.

જીવનમાંના એક અનુભવેલા સત્યને વળગી રહો. તે જ આડમાર્ગે ફંટાવા નહિ દે. આપણને બચાવી લેશે. સુરક્ષિત રાજમાર્ગે લઈ જશે. પણ આ બાબતનો નિર્ણય દરેકે પોતે લેવાનો છે. સાચું કહું ! પ્રભુનો માર્ગ મુશ્કેલ નથી. આડમાર્ગો જ વધારે મુશ્કેલ અને ખતરનાક હોય છે.

(આસુરી શક્તિઓ આપણી નબળાઈઓનો ફાયદો લઈ, લોભામણા આશ્વાસનો આપી, આપણને આડમાર્ગે ફંટાવે છે. આપણા અમૂલ્ય જીવનનો મહત્ત્વનો કાળ વેડફી નાંખે છે. સાધનાના સુસંસ્કારોને ધોઈ નાખે છે. ચિત્તને બગાડે છે. હતાશા લાવે છે. પ્રભુ ઉપરની શ્રદ્ધાને હચમચાવે છે. શું આવા આડમાર્ગ એટલે દૂરથી ડુંગરા રળિયામણા નથી ?) - તંત્રી

# ગીતામૃતમ્

## પરમ-પુરુષ

પ્રકરણ-૬

(ગીતા નિબંધો ભા.૨-પ્ર.૩ ઉપર આધારિત)

આપણે આપણા અંતરમાં પરમ-સત્યને પ્રસ્થાપિત કરવાનું છે પણ તે સ્થાપના ધીમે ધીમે વિકાસ પામે છે. તેના પ્રભાવ નીચે આપણામાંનાં બધાં તત્ત્વો પણ વિકાસ પામીને દિવ્ય-પ્રકૃતિમાં રૂપાંતર પામતાં હોય છે. પણ આ બધું બધા જ કરી શકતા નથી. તેથી સંસારમાં અસંખ્ય લોકો સામાન્ય-ચેતનામાં જ જીવતા હોય છે અને તેથી તેમાં રહેલી પરમ-ચેતના આચ્છાદિત અને ઢંકાએલી રહે છે. તેને પરમ-સત્ય સમજાતું નથી.

પણ આ વાત ફકત બાહ્યસ્તરની જ છે. દરેકના અંતરતમ ભાગમાં દરેક જીવનની એક દિવ્ય-પ્રકૃતિ છે તેમાં તે જીવ પોતાના સાચા, શુદ્ધ સ્વરૂપમાં જીવતો જ હોય છે. બાહ્યસ્તરે તે જ જીવ અહંતામાં અને અજ્ઞાનમાં જીવતો હોય છે અને તેથી પોતાના સાચા,શુદ્ધ સ્વરૂપને અનુભવી શકતો નથી. જીવની બાહ્ય પ્રકૃતિ અશુદ્ધ, અજ્ઞાનમય, હોય છે.

તેથી જીવે પોતાની દિવ્ય-પ્રકૃતિને પ્રાપ્ત કરવાની હોય છે. તે માટે જ સાધનાની જરૂર હોય છે. સાધના એટલે શું? તેમાં ત્રણ ક્રિયાઓ એકીસામટી કરવાની હોય છે.

૧) ભકિત અને પ્રેમ દ્વારા આપણાં અંદરના પરમ-સત્યને, પ્રભુને આત્મ-સર્મપણ. આ આત્મ-સમર્પણમાં હું મારી દ્વારા પ્રભુના ભાવોને જ પ્રકટ કરવા દઈશ. અન્ય અવરોધક વસ્તુને નહિ આવો પરિત્યાગ પણ હોય જ છે. તેમ જ પ્રભુનો આવિર્ભાવ કરવાની ઈચ્છા છે તેને જ અભીપ્સા કહે છે. આમ આ પ્રથમ ક્રિયામાં અભીપ્સા સમર્પણ-પરિત્યાગ ત્રણેનો સમાવેશ થાય છે. આમાં સ્વપ્રયત્નની જરૂર હોય છે.

બીજી બે ક્રિયાઓ આ ઉપર જણાવેલી પ્રક્રિયા માટે પોષક બની જાય છે તે છે -

૨) બહ્માંડમાં જે કાંઇ છે તે પ્રભુ સિવાય કાંઇ નથી એવું અનુભવવાની ક્રિયાનો અભ્યાસ. આને આત્મદૃષ્ટિની ખિલવણી કહે છે. આનો અભ્યાસ એ

સાધનાનું હાર્દ છે.

૩) આત્મદૃષ્ટિ વડે આપણી નિમ્ન-પ્રકૃતિને શુદ્ધ અને દિવ્ય કરતાં કરતાં અંતે આપણી દિવ્ય-પ્રકૃતિમાં આરોહણ થાય છે અને તેથી આપણા જીવનનો દિવ્ય-હેતુ અને આ જગતમાં ચાલી રહેલી પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયાની સમજણ મળે છે.

બીજી અને ત્રીજી ક્રિયાથી આપણી વ્યકિતગત ચેતના વૈશ્વિક ચેતનામાં આરોહણ કરે છે અને આપણે વૈશ્વિક ચેતનામાં રહેતા થઈએ છીએ.

વિશ્વ-ચેતનામાંનુ જ્ઞાન અચૂક અને સત્ય હોવાથી તે પ્રભુનું જ જ્ઞાન હોય છે તેથી સંચાલિત આપણા કર્મો દિવ્ય-કર્મો બની જાય છે. આપણો પ્રભુ પ્રત્યેનો પ્રેમ પ્રભુ સાથે સંપર્કમાં મૂકી આપે છે. પ્રભુની હાજરી અને માર્ગદર્શન પૂરું પાડે છે.

આપણા સમર્પણને પૂર્ણ અને શુદ્ધ બનાવવા નીચેની વસ્તુઓ કરવી જરૂરી છે :

૧) તેમણે પુરુષોતમ-ચેતનાનું જ્ઞાન પ્રથમ બૌદ્ધિક રીતે અને પછી તેને અનુભવસિદ્ધ કરી વિજ્ઞાનમાં ફેરવી નાખવું જરૂરી છે.

૨) તે બ્રહ્મતત્ત્વને તેના મૂળભૂત નિષ્ક્રિય પાસામાં અને સક્રિય પાસામાં બન્ને રીતે પૂરેપૂરું અનુભવવું જરૂરી છે. (કૃતસ્નમ્-૭/૨૯)

૩) તે બ્રહ્મતત્ત્વ આ ભૌતિક જગત મારફત ઉત્ક્રાંતિ દ્વારા કેવી રીતે પ્રગટ થઈ રહ્યું છે અને આગામી કાળમાં કઇ રીતે પ્રગટ થશે તેના કાર્યની વિગતો પણ પૂરેપૂરી જાણી લેવી જરૂરી છે (કર્મ ચાખિલમ્-૭/૨૯)

આ ત્રણે વસ્તુઓ પ્રભુને સમર્પિત (મામાશ્રિત્ય યતંતિ યે - ૭/૨૯) થવાથી ધીમેધીમે અનુભવતા જાય છે.

આ જે પ્રભુનું પોતાનું સ્વ આવિર્ભાવનું મહાન કાર્ય ચાલી રહ્યું છે તેમાં બ્રહ્મતત્ત્વ તબક્કાવાર પ્રગટ થાય છે. આ દરેક તબક્કાના જુદા જુદા ચાર નામ છે (સાધિભૂતાધિદેવમાં સાધિયજ્ઞ ચ મે વિદુઃ ૭-૩૦)

૧) તદ્-બ્રહ્મ ૨) અધ્યાત્મ ૩) આધિદૈવ અધિભૂત ૪) અધિભૂત ૫) અધિયજ્ઞ.

૧) **તદ્ બ્રહ્મ** - તે મૂળભૂત બ્રહ્મ છે, જેણે હજી પોતાની અભિવ્યકિતનો સંકલ્પ પણ કરેલ નથી, જે અનિર્વચનીય છે, મનસાતીત છે. ફકત અનુભવાય છે તેવું તત્વ ૨) **અધ્યાત્મ** - અધ્યાત્મ એટલે સંકલ્પ સાથેનું બહ્મ જેણે પોતાનો

આવિર્ભાવ કરવાનો સંકલ્પ કરેલો છે તેવું ૩) **અધિદૈવ** - જીવાત્મા કે અક્ષરપુરુષની સ્થિતિ જે હજી પ્રકૃતિથી લિપ્ત થએલ નથી પણ દૃષ્ટાભાવે જોઇ રહ્યો છે. ૪) **અધિભૂત** - અધિભૂત એટલે દિવ્યપ્રકૃતિમાં પ્રવેશી આવિર્ભાવ માટે સાકાર બનેલો ચૈત્યપુરુષ અર્થાત જીવ (ક્ષરોભાવઃ) જે હજી દિવ્ય-પ્રકૃતિમાં જ હોય છે તે. ૫) **અધિયજ્ઞ** - અધિયજ્ઞ એટલે ચૈત્યપુરુષનું સક્રિય સ્વરૂપ જે અપરાપ્રકૃતિનું રૂપાંતર કરવા સાધનારૂપી આંતરયજ્ઞ કરવામાં પ્રવૃત્ત થએલ છે તે.

આ મુજબ પ્રકૃતિનાં પણ પ્રમુખ તબક્કા પાડવામાં આવ્યા છે :

(૧) **સ્વભાવ** - આ મૂળ દિવ્ય-પ્રકૃતિની અવસ્થા છે તે પુરુષોતમનું પ્રતિબિંબ ઝીલે છે. (૨) **અવ્યક્ત** - અક્ષર પુરુષોની પ્રકૃતિ. (૩) **ઉદ્ભવ** - આત્મ-તત્ત્વને પ્રગટ કરવાની પ્રક્રિયા છે તેને ઉદ્ભવ કહે છે. ઉદ્ભવ એટલે કાળમાં થતું સર્જન. તેનાં બે પ્રકાર છે. (૪) **અધિદેવ** - ઉદ્ભવને કારણે પ્રકૃતિ દ્વારા જે દિવ્યશકિતઓ પ્રગટ થાય છે તેને અધિદેવ કહેવામાં આવે છે તે દેવતા સ્વરૂપ છે. (૫) **અધિભૂત** - ઉદ્ભવને કારણે જે વિકૃતિઓ પ્રગટ થવા લાગે છે તેને અધિભૂત કહે છે. (૬) **અધિયજ્ઞ**- પ્રકૃતિની સમગ્ર પ્રવૃત્તિ અને કાર્યો તે અધિયજ્ઞ છે. તેમાં અધિદેવ અને અધિભૂત બન્નેનો સમાવેશ થઇ જાય છે.

ગીતા મૃત્યુકાળની ચિત્તની અવસ્થા ઉપર ખૂબ જ ભાર મૂકે છે. જો તે વખતે પ્રભુ સાથેનું તાદાત્મ્ય (મદ્ભાવ ૮/૫) જળવાઇ રહે તો તેને સદ્ગતિ મળે છે. ગીતા તેને 'પરોભાવ' પણ કહે છે. નિમ્ન ભાવોમાં રહે તો સદ્ગતિ મળતી નથી. (તં તં ભાવમ્ - ૮/૬) મદ્ભાવ ત્યારે જ મૃત્યુસમયે રહે છે. જો સાધક સદાતદ્ભાવભાવિતઃ (૮/૬) હોય અને પ્રત્યક્ષ જીવનનાં કર્મોમાં મયિ અર્પિત મનોબુદ્ધિ (૮/૭) હોય આ બધામાં દર્શાવેલ (મદ્-મયિ વગેરેમાં) હું કોણ છે તેનું વર્ણન હવે આઠમા અધ્યાયમાં આવે છે. પ્રથમ તો તે ક્ષરપુરુષ છે. બીજું તે અક્ષરપુરુષ તરીકે છે (અવ્યક્તો અક્ષરા ૮/૨૧). જેને વીતરાગી પ્રાપ્ત કરે છે (વીશંતિ યદ્યતયો વીતરાગાઃ ૮/૧૧) તેના માટે જ તે વીતરાગી સાધના કરે છે (બ્રહ્મચર્ય ચરન્તિ ૮/૧૧). ક્ષરપુરુષ અર્થાત ચૈત્યપરુષનાં લક્ષણો જુદાં છે. તેને પોતાના જન્મનું રહસ્યનું જ્ઞાન છે તેથી તે 'કવિ' છે. તે સનાતન તત્ત્વ છે તેથી 'પુરાણમ્' છે. તે પોતાના દિવ્ય અને અદિવ્ય પ્રકૃતિનો શાસક છે તેથી 'અનુશાસિતારમ્' છે તે બધાજ ચૈત્યપુરુષોને ભાઇ સમાન છે કારણ બધા પ્રભુના જ અંશ તરીકે જન્મેલા છે તેથી તે સર્વસ્ય ભ્રાતારમ્ છે (કવિં પુરાણમનું

શાસિતારમ્ સર્વસ્ય ભ્રાતારમ્ ૮/૯)

અને હવે છેલ્લે આવે છે પુરુષોતમ જે સહુથી શ્રેષ્ઠ સ્થાન છે અને પ્રથમ સ્થાન પણ છે (પરં સ્થાનં અદ્યમ્).

આવી રીતે આત્મતત્ત્વનાં આ ત્રિવિધ ક્ષર, અક્ષર અને ઉત્તમ પરુષને જ અહીં મદ્‌મયિ તરીકે ઉલ્લેખ કરેલ છે. મૃત્યુ વખતે આ ત્રણે પૈકી કોઇ પણ પોતાની પ્રગતિ અનુરૂપ આત્મતત્ત્વનું સાધક ધ્યાન કરતો હોય છે ત્યારે સાથે સાથે નીચેની ક્રિયાઓ તેને મદદરૂપ થાય છે : (૧) જ્ઞાનેન્દ્રિયોના બધા જ દ્વારોને બંધ કરીને તેમને અન્તર્મુખ કરે છે (૨) તેમને હૃદયમાં અથવા ભ્રુમધ્યમાં કે મસ્તકની ઉપર દશ આંગળ ક્ષર અક્ષર કે પુરુષોતમની કક્ષાનુસાર કેન્દ્રિત કરે છે. ક્ષરપુરુષનું આવિર્ભાવ કેન્દ્ર હૃદય છે. અક્ષર પુરુષનું ભ્રુમધ્ય છે. ઉત્તમપુરુષનું મસ્તકની ઉપર દશ આંગળ છે. (૩) પોતાની એકાગ્રતા સાધવી તેને જ વેરવિખેર પ્રાણને એકત્રિત કરવા સ્વરૂપે વર્ણવેલ છે. તેને ઉપર મુજબનાં કોઇ કેન્દ્રમાં એકાગ્ર કરવામાં આવે છે (૪) આવી રીતે યોગબળથી યુકત થઇને પછી પોતાની આધ્યાત્મિક-પ્રગતિ અનુસાર ક્ષર, અક્ષર કે પુરુષોતમનો ભાવ ધારણ કરી તેની સાથે એકરૂપ થવાનું છે જેને મામનુસ્મરન્ (૮/૧૩) કહેવામાં આવે છે.

જે માનવો અને પ્રાણીઓ આવી રીતે કરી શકતાં નથી તેમની ગતિનું હવે વર્ણન કરે છે. ચાર યુગોનું ચક્ર સદા ફરતું હોય છે. દરેક યુગની શરૂઆત બ્રહ્માનો દિવસ હોય છે અને વિલય રાત્રી બને છે. આમ દરેક યુગમાં આવા સાધન વગરનો જન્મમૃત્યુનાં ફેરામાં ફરતા રહે છે (ભૂત્વા ભૂત્વા) અને ફરી અવ્યક્તમાં વિલીન થઇ જાય છે. જ્યાં સુધી તેને મુકિત મળતી નથી ત્યાં સુધી આમ જ ચાલે છે. આ અવ્યક્તની સ્થિતિ એ પ્રભુની અંતિમસ્થિતિ નથી તેથી તેની સ્થિતિ અલગ છે (ભાવોન્યો). જીવોની અવ્યક્ત અવસ્થા એ પ્રકૃતિની લય અવસ્થા છે. પરમ-પ્રભુની અવસ્થા નથી. પરમ પ્રભુની અવસ્થાને પરંધામં, ઉત્તમં ધામં કહેવામાં આવે છે. તે સ્થાનને જાણવા આ યુગ-ચક્રનું જ્ઞાન પણ મદદરૂપ થાય જ છે(અહોરાત્રવિદ્) કઇ રીતે તેનોઉલ્લેખ અહીં ગીતા જણાવે છે.

આત્મતત્ત્વ ક્ષર,અક્ષર કે પુરુષોતમ સ્વરૂપે સદા પ્રકાશ સ્વરૂપે પ્રગટ થાય છે તે સાકાર કે નિરાકાર હોઇ શકે છે. સીમિત કે અસીમ હોઇ શકે છે, સક્રિય કે નિષ્ક્રિય હોઇ શકે છે પણ તે પ્રકાશસ્વરૂપ તો હોય છે પણ આ પ્રકાશસ્વરૂપની અનુભૂતિ પ્રથમથી જ સ્થાયી અને કાયમી સ્વરૂપની હોતી નથી. તે પ્રથમ તો ક્ષણિક હોય છે પછી ધીમેધીમે સ્થિર થતી જાય છે. આ સાધનાની ગતિ

પ્રતીકાત્મક રીતે દર્શાવેલી છે. દિવસ, શુક્લપક્ષ, ઉત્તરાયણ આ ઉત્તરોત્તર પ્રકાશની સ્થાયી સ્થિતિદર્શક પ્રતીકો છે જ્યારે રાત્રી, કૃષ્ણપક્ષ, દક્ષિણાયન આ પ્રકાશની અનુભૂતિ વગરની ઉત્તરોત્તર સ્થાયી સ્થિતિ દર્શાવે છે. આમને જ ક્રમશઃ અર્ચિસ માર્ગ અને ધૂમ્રમાર્ગ કહે છે. અર્ચિ એટલે પ્રકાશ ધૂમ્ર એટલે અધંકાર (ધુમાડો).

આ માર્ગોને સૂર્ય અને ચંદ્રનો માર્ગ પણ કહ્યો છે. સૂર્ય આત્માનું પ્રતીક છે ચંદ્ર મનનું. આત્મા પ્રકાશપૂર્ણ છે મન અજ્ઞાનમય. ઉપનિષદોમાં આમને જ દેવયાન અને પિતૃયાન કહ્યાં છે. યાન એટલે માર્ગ.

આવી આત્મપ્રકાશ કે આત્મપ્રભાથી પ્રકાશિત ચેતનાની અવસ્થામાં જ મૃત્યુ સમયે પ્રાણ ત્યાગવાની ખૂબ જ વ્યવહારુ સૂચના ગીતા આપે છે, જેથી આવતા જન્મે આ સાધનાનો આગામી તબકકો કરી શકાય.

પરમ-પ્રભુને પ્રાપ્ત કરવાના આ માર્ગ છે.

---

(પાના નં.૨૪ ઉપરથી) **માનવવિકાસ ચક્ર**

પ્રતીકાત્મક યુગનો આત્મા તેના મૂળસ્વરૂપમાં પાછો ફરવા સતત પ્રયાસ કરતો રહે છે. આ દિશામાં મહાન આત્માઓ અને વિભૂતિઓની મદદ પણ મળતી રહે છે. પરંતુ પ્રતીકાત્મક યુગના આત્મા અને રૂઢિગત યુગની પરંપરાઓ વચ્ચેની ખાઇ જેમ મોટી થતી જાય તેમ મહાન આત્માઓ અને વિભૂતિઓના પ્રયાસો નિષ્ફળ થવાની શક્યતાઓ વધી જાય છે.

શ્રી અરવિંદ માનવજાતિના ભાવિ માટે ભારે આશાવાદી છે. તેઓ આશ્વાસન આપતા લખે છે કે અત્યંત નિરાશાજનક સ્થિતિમાંથી ઉત્પન્ન થતા પડકારોનો સામનો કરવા માટે હવે બૌદ્ધિક પ્રતિભા-સંપન્ન વ્યક્તિઓ તૈયાર થાય છે. આવી વ્યકિતઓ રૂઢિઓ અને પરંપરાઓ દ્વારા દાટી દેવામાં આવેલા સત્યોને ફરીથી ખોળી કાઢવા માટે જહેમત ઉઠાવે છે. હવે ક્રમશઃ તર્ક અને વ્યક્તિવાદી યુગના આગમનનો માર્ગ ખુલ્લો થવા લાગે છે. આગળ ચાલતા શ્રી અરવિંદ ઉમેરે છે કે તર્ક અને વ્યક્તિનો નૂતન યુગ તે પછીના સમયના આત્મલક્ષી અને આધ્યાત્મિક યુગના આગમન માટેની પૂર્વશરત સમાન બની રહે છે.

# વેદવિજ્ઞાન

પ્રકરણ - ૩

## વૈદિક સૂક્તો

(સ્વજયોતિ-સૂક્ત)

અથર્વવેદમાં ૪ થા કાંડમાંનું ૧૪મું સૂકત એટલે ભૃગુઋષિનું સ્વજર્યોતિ-સૂકત. અર્થર્વવેદમાં સળંગ ઋચા ક્રમાંક મુજબ ઋચા ક્રમાંક ૬૯૩ થી ૭૦૨ સુધીનાં ૯ મંત્રો આ સૂક્તનાં છે.

ભૃગુઋષિ પ્રથમ ઋષિ હતાં જેમણે શોધી કાઢ્યું કે આત્માને, પરમ-ચેતનાને પોતાની આત્મપ્રભા છે. ચેતના પ્રકાશસ્વરૂપ છે. તેઓ પ્રથમ માનવી હતા જેમણે આ હિરણ્યગર્ભ સુવર્ણમય ચેતનામાં પ્રથમ પગલાં માંડ્યાં. વેદોમાં તેવી ચેતનાને વિષ્ણુ કહેવાથી દંતકક્ષા પ્રસિદ્ધ થઇ કે ભૃગુઋષિએ વૈંકુઠમાં જઇ ભગવાન શેષશાયી નારાયણને છાતી ઉપર લાત મારી જગાડ્યાં, ત્યારથી વિષ્ણુએ પોતાની છાતી ઉપરનાં ઋષિનાં પદચિહ્નોને જાળવી રાખી 'ભૃગુ-લાંછન' કહેવાયા.

ભૃગુએ આ રીતે વેદોમાં જણાવેલ દેવયાન-પંથની ઉપાસના પદ્ધતિનો પાયો નાખ્યો. ચેતનાની પ્રકાશ તરીકેની ઉપાસના પદ્ધતિને દેવયાન પદ્ધતિ કહે છે. તે બાદ અંગિરા ઋષિએ તે સાધના પદ્ધતિને વધારે વિકસાવી લોક-ભોગ્ય કરી તેથી તેના શિષ્યો 'આંગિરસાઃ' તે વખતે ખૂબ જ પ્રસિદ્ધ થયાં હતાં. આંગિરસનો અર્થ છે પ્રકાશમય. અને આંગિરસાઃ એટલે અંગિરા ઋષિની સાધના પદ્ધતિ દ્વારા અગ્નિ જેવા સુર્વણમય પ્રકાશને શરીરમાં ધારણ કરી જીવનારા, ફરનારા સાધકો. અંગારા શબ્દ ઉપરથી આ શબ્દ આવ્યો છે. આજે પણ અંગારાને 'દેવતા' તરીકે પૂજાય છે. યૌગિક અર્થમાં આ પ્રકાશ-ધારણની પ્રક્રિયાને જ યજ્ઞ કહેવાય છે. આજનો પ્રચલિત શબ્દ 'આંગડિયા' આ 'આંગિરસા' શબ્દનો ગુજરાતી અપભ્રંશ છે જેઓ ટપાલને સાથે લઇ ઘેરે ઘેરે ફરે છે. શરીરમાં પ્રકાશના અવતરણની સાધના વેદકાળમાં ખૂબ જ પ્રચલિત હતી. પછી તે લુપ્ત થઇ ગયેલી, જે માતાજીએ ફરી સ્વાનુભૂતિના આધારે જીવિત કરી છે. આ સૂક્ત આ બાબતનો નક્કર પુરાવો છે.

સ્વજર્યોતિ સૂક્તનો સાર એ છે કે જેમ રાંધેલા ભાતના (ઓદન) કણેકણમાં

જળ ઓતપ્રોત થઇ જાય છે તેમ આપણા શરીરનાં કોષેકોષમાં પ્રકાશને ઓતપ્રોત કરીને કોષોને રાંધેલા ભાતની જેમ નમનીય કરવાનાં હોય છે. અપરાપ્રકૃતિનું રૂપાંતર પરાપ્રકૃતિમાં કરવાની આ એક પ્રદ્ધતિ છે. શ્રી અરવિંદ કહે છે તેમ આ પ્રક્રિયામાં અભીપ્સા, પરિત્યાગ અને સમર્પણને જોતરવા પડે છે.

આપણી એકાગ્રતાને વધારે તીવ્ર અને સ્થાયી કરવા ભૃગુઋષિ શરીરનાં ચાર ભાગ કલ્પતા - મસ્તક, બે હાથ, ધડ અને બે પગ, અને વિભાગશઃ આ રીતે દરેક વિભાગમાં પ્રકાશને સ્થિર કરી અંતે સમગ્ર શરીરમાં પ્રકાશને સ્થિર કરતાં.

આપણા આત્માનું પોતાનું રહેઠાણ છે જેને 'સ્વર્ગ' કહે છે. સ્વ એટલે આત્મા અને 'ગ' એટલે જયાં તે મૃત્યુબાદ જઇ આરામ કરે છે તે ચેતનાનો પ્રદેશ. આ ચેતનાનાં પ્રદેશનો પોતાનો પ્રકાશ છે. તેને જ સ્વજર્યોતિ અર્થાત્ આત્મપ્રભા કહે છે. તેને શરીરમાં સ્થિર કરવાની યુક્તિ આ સૂક્તમાં જણાવેલી છે.

**(૧) અજોહ્યગ્ને : અજનિષ્ટ શોકાત્ સો અપશ્યંજનિતાઃ અગ્ને । તેન દેવા દેવતામગ્રે આયન્ તેન રોહાન્ રૂરૂહુઃમેધયાસઃ॥**

શરીરમાં રહેતો આત્મા જ (અગ્નિઃ) અવિનાશી છે (અજોહિ). તેની સાથે સાધક એકરૂપતા પ્રાપ્ત કરે તો તે શોકમુક્ત થઇ જાય છે (અજનિષ્ટ શોકાત્). તે આત્મતત્ત્વે પોતાથી ઊર્ધ્વમાં (અગ્રે) પોતાના જન્મદાતાને, પરમાત્મ તત્ત્વને જોયું (જનિતારમ્ અપશ્યમ્) અર્થાત્ તેનું ધ્યાન કરવાની સાધના શરૂ કરી. આવી જ સાધનાને કારણે (તેન) દેવો પણ (દેવા) પોતાની દિવ્યતા (દેવતામ્) પૂર્વે (અગ્રે) ધારણ કરી શકેલાં (આયન્) તેને કારણે જ મેધા-શકિત પ્રાપ્ત કરેલા યોગીએ પણ (મેધ્યાસઃ) પોતાની ચેતનાને ઊર્ધ્વમાં આરોહણ કરાવી શકેલાં (રૂરૂહુ રોહાન્)

**(૨) ક્રમધ્વં અગ્નિના નાકમુખ્યાન્ હસ્તેષુ બિભ્રતઃ। દિવસ્પૃષ્ઠં સ્વર્ગત્વા મિશ્રા દેવેભિઃ આધ્વમ્॥**

આ આત્મતેજના ધ્યાનથી જ (અગ્નિના) હાથની આંગળીઓમાં પણ આત્મશક્તિને તેઓ ધારણ કરી શકેલા (હસ્તેષુ ભિભ્રતઃ) અને વિશાલતાની અનુભૂતિ કરાવતા મહર્લોક અને નિરવમનને જન્મ આપતી જનલોક સુધીનો ચેતનાના ઉત્થાનનો માર્ગ વટાવી શકેલાં (ક્રમધ્વમ્). આથી ઉપર આત્મપ્રકાશનો તપોલોક (દિવઃ પૃષ્ઠં) રહેલ છે. અને તે પછી આત્માના રહેઠાણ સ્વરૂપ સ્વર્ગલોક અર્થાત્ સત્યલોક (સ્વર્ગત્વા) તે પ્રદેશમાં દેવો સાથે રહી સંબંધ સ્થાપી શકાય છે (દેવેભિઃ મિશ્રા આધ્વમ્)

(અનુ.પાના નં.૨૬ ઉપર)

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ -૮

## છાંદોગ્યોપનિષદની વૈશ્વાનર-વિદ્યા

(૫ -૧૧-૨૪)

વ્યકિત-સ્વરૂપને નર-સ્વરૂપ કહે છે પણ તેને વિશ્વનો એક અંશ તરીકે સમજી વિકસાવવો એને વૈશ્વાનર કહે છે. આ વિદ્યાનો પ્રસંગ આવો છે :

ઉપમન્યુનો પુત્ર પ્રાચીનશાલ, પુલુષનો પુત્ર સત્યપ્રજ્ઞ, ભલ્લવીનો પૌત્ર ઈન્દ્રદ્યુમ્ન, શર્કરાક્ષનો પુત્ર જન, અને અશ્વતરાશ્વનો પુત્ર બુડિલ આ એક જ આશ્રમમાં ભણેલા બ્રહ્મચારીઓ હતાં. બધાંને જ બ્રહ્મતત્ત્વ જાણવાની જિજ્ઞાસા હતી. તેઓ સારા ગુરુની શોધમાં હતા, ત્યાં તેમને અરુણ પુત્ર આરુણિઋષિ, જેમનું નામ ઉદ્દાલક હતું, તેમની ખ્યાતિ સાંભળી તેમને મળવાનો નિશ્ચય કર્યો. પણ આરૂણિ પણ પંચાગ્નિ-વિદ્યાના ભાગ સ્વરૂપ વૈશ્વાનર-વિદ્યાને પૂરેપૂરી જાણતા ન હોતાં. તેમને રાજા પ્રવાહણે તેનો આછોપાતળો પરિચય આપેલો તેટલું જ તેઓ જાણતા હતા, તેથી પાંચે બ્રહ્મચારીઓને લઇ કેકય દેશના રાજકુમાર અશ્વપતિને મળવાનો વિચાર જાહેર કર્યો કારણ અશ્વપતિ તે વિદ્યામાં પારંગત હતા. (સાવિત્રીના પિતા અશ્વપતિ તે આ જ)

અશ્વપતિએ તેમનો સત્કાર કર્યો. ઉતારો આપ્યો. બીજે દિવસે મળવા કહ્યું.

બીજે દિવસે બધા સમિત્પાણિ તેમને મળ્યા, તેથી તેમણે વિદ્યા શિખવવાની સંમતિ આપી. તેમણે ઉપમન્યુ પુત્ર પ્રાચિન શાલને તેની હાલમાં જે ઉપાસના કરે છે તેની વિગત જાણી બોલ્યા : એ તો અધૂરી વિદ્યા છે કારણ પ્રાચિનશાલ ફકત આત્માને વિદ્યુતપ્રકાશ સમ માની દ્યુલોકની ઉપાસના કરતો હતો. પણ વિદ્યુત-પ્રકાશ તો આનંદમય કોષનો છે જે આત્મપુરુષનું ફકત મસ્તક છે. સર્વાંગ નથી તેથી અશ્વપતિએ તેની વિદ્યા અધૂરી જણાવી તેવી અધૂરી વિદ્યાથી તેના કુળમાં સૂત, પ્રસૂત, આસૂત જન્મશે એમ કહ્યું. સોમવલ્લીના પ્રથમ અશુદ્ધ રસને સૂત કહે છે. તેના ગાળેલા રસને પ્રસૂત કહે છે અને ગાળીને ઠારીને નિતારેલા ઉપરનાં શુદ્ધ રસને આસૂત કહે છે. સારાંશ તમારા કુળમાં પણ અધૂરા સાધકો જન્મશે એવું

અશ્વપતિનું કહેવું હતું.

પછી પુલુષ પુત્ર સત્યયજ્ઞને તેની સાધના વિશે પૂછયું. સત્યયજ્ઞ બોલ્યો : તે આદિત્યના તેજ જેવા સુવર્ણમય પ્રકાશની ઉપાસના કરે છે પણ સુવર્ણ તેજધારક વિજ્ઞાનમય કોષ તો વિશ્વ પુરુષના આંખને સ્થાને છે. તમારી સાધના પણ અધૂરી જ છે.

પછી અશ્વપતિએ ત્રીજા ભલ્લવી પુત્ર ઇન્દ્રઘ્યુમ્નને તેની સાધના વિશે પૂછયું. ત્યારે ઇન્દ્રઘ્યુમ્ન બોલ્યા : તે આછા નીલપ્રકાશમય વાયુની ઉપાસના કરે છે. અશ્વપતિએ તે સાધનાને પણ અધૂરી જણાવી કારણ તે ફક્ત દિવ્ય મનોમય કોષની અધિમનસની જ ઉપાસના છે. તે પછી અશ્વપતિએ શર્કરાક્ષપુત્ર જનને તેની સાધના વિશે પૂછયું. જન બોલ્યો : તે આકાશની ઉપાસના કરે છે. ત્યારે અશ્વપતિ બોલ્યા, તે પણ અધૂરી સાધના છે કારણ તે તો વૈશ્વાનરના ફક્ત ઉદર-સ્થાને છે. ઉચ્ચમનોમય કોષની જ સાધના છે.

પછી અશ્વતરાશ્વના પુત્ર બુડિલને પૂછયું. બુડિલ બોલ્યો, હું જળની અર્થાત્ સિંદૂરિયા પ્રકાશમય પ્રાણમય કોષની ઉપાસના કરું છું ત્યારે અશ્વપતિ બોલ્યા તે પણ અધૂરી જ છે. તે તો ફકત બસ્તિપ્રદેશની ઉપાસના છે. ફકત પ્રાણમયકોષની ઉપાસના પણ અધૂરી છે. અંતે આરુણિ ઋષિને પૂછયું ત્યારે ઉદાલક ઋષિ બોલ્યા : તે રક્તપ્રકાશના પાર્થિવકોષની ઉપાસના કરે છે. અશ્વપતિ બોલ્યા : તે પણ અધૂરી છે તે તો વૈશ્વાનરનો ચરણપ્રદેશ છે.

અંતે અશ્વપતિ બધાની જ બે કારણે થતી ભૂલ દર્શાવે છે (૧) પ્રત્યેક-આત્મા અર્થાત્ દરેકનો વ્યક્તિગત આત્મા એ વૈશ્વાનર આત્મા નથી. વિશ્વપુરુષ તરીકે ઉપાસના કરવી જોઇએ વ્યક્તિગત આત્મા એ તેના અંશ સ્વરૂપ છે. અંશની નહિ પણ પૂર્ણની ઉપાસના કરવી જોઇએ. (૨) અન્નમય કોષથી માંડી આંનદમયકોષ સર્વેની ઉપાસના થવી જોઇએ. કોઇપણ એક કોષ એ સર્વે કોષોનો અંશ છે. અંશની નહીં પૂર્ણની ઉપાસના થવી જોઇએ. આમ બે રીતે બધાની જ ઉપાસનામાં ભૂલ થતી હતી તે સુધારવા કહી અંતે સાચી સર્વાંગપૂર્ણ વૈશ્વાનરની ઉપાસનાનું સ્વરૂપ વર્ણવે છે.

વિશ્વપરુષનાં પાંચ કોષોનું નિર્માણ પાંચ પ્રાણ કરે છે. તેથી પંચપ્રાણની પણ સમગ્ર રીતે ઉપાસના કરવી જોઇએ અને તે પણ પંચમંત્રો દ્વારા.

વિશ્વપુરુષનાં પાંચ કોષ પાંચ પ્રાણનાં બનેલાં છે. તેમનાં પાંચમંત્રો અને

તેમનો પ્રકાશ રંગ પણ ભિન્ન ભિન્ન છે તે નીચે મુજબ છે :

| **મંત્ર** | **કોષ** | **પ્રાણ** | **પ્રકાશરંગ** |
|---|---|---|---|
| પ્રાણાયસ્વાહા | પાર્થિવકોષ | પ્રાણ | રકતપ્રકાશ |
| અપાનાયસ્વાહા | પ્રાણમયકોષ | અપાન | સિંદૂરિયો પ્રકાશ |
| વ્યાનાયસ્વાહા | મનોમયકોષ | વ્યાન | પીત-પ્રકાશ/નીલપ્રકાશ |
| ઉદાનાયસ્વાહા | વિજ્ઞાનયમયકોષ | ઉદાન | સુવર્ણમયપ્રકાશ |
| સમાનાયસ્વાહા | આનંદમયકોષ | સમાન | હિરક-પ્રકાશ |

જમતી વખતે ક્રમશઃ દરેક મંત્ર વખતે પોતાને વૈશ્વાનરનો અંશ સમજી ક્રમશઃ અસીમ પ્રકાશરંગનું ધ્યાન કરીને ગ્રાસ લેવા જરૂરી છે જેથી સમગ્ર જગતને પોષણ મળે. જીવનની દરેક ક્રિયાને આ રીતે વૈશ્વિક યજ્ઞક્રિયા માનીને જીવવી જરૂરી છે, તે જ સાચી વૈશ્વાનર તરીકે જીવવાની કલા છે.

આ વૈશનર સાધનાને પંચાગ્નિ સાધના પણ કહેતા, કારણ પાંચ પ્રાણ એ જ પાંચ પ્રકારનાં પ્રકાશમય અગ્નિ છે.

---

(પાના નં.૩૭ ઉપરથી)

## પત્રોત્તર

છે ત્યારે તે સમગ્ર પ્રક્રિયાને રૂપાંતર કહેવામાં આવે છે. આવી રીતે અપરા અપરા-પ્રકૃતિનું વિભાજન નષ્ટ થઇને સમગ્ર પ્રકૃતિ એક અખંડ અને દિવ્ય બની જાય છે. આ અવસ્થામાં અપરા પ્રકૃતિનું સંચાલન કરનાર અહંકારની પણ જરૂર ન રહેતા તે પણ ચૈત્યપુરુષ સાથે એકરૂપ થઇ જાય છે. આને જ અહંકારનો નાશ કહેવાય છે. આવી રીતે ચેતના એક સ્વતંત્ર, અલગ, વિશ્વવ્યાપી, શક્તિસ્વરૂપ અસ્તિત્વ છે. આજના ભૌતિકવાદીઓ જણાવે છે તેમ શારીરિક-કાર્યોમાં ચાલતા રાસાયણિક પરિવર્તનો અને કાર્યોને લીધે ચેતનાનો ભ્રમ પેદા થાય છે તેમ નથી.

ચેતના ફક્ત રાસાયણિક દ્રવ્યો કે ક્ષારો દ્વારા જ કાર્ય કરતી નથી. તે તો જગતમાંના બધા જ મૂલ દ્રવ્યો મારફત કામ કરી રહી છે. ખરેખર તો વિદ્યૂત શક્તિ, ચુંબક શક્તિ, અણુશક્તિ, ગુરુત્વાકર્ષણ શક્તિ, યાંત્રિક-શક્તિ, આ બધી જ શક્તિઓ એ તે ચેતનાના વિવિધ સ્તરનાં અને વિવિધ સ્વરૂપોના આવિર્ભાવ માત્ર છે. આ બધી જ શક્તિઓની મૂળભૂત જે આદ્યા-શકિત છે તે જ ચેતના છે.

# માનવવિકાસ ચક્ર

પ્રકરણ - ૩

## માનવ વિકાસનાં તબક્કા

ડૉ.શ્રી કે.કે.ખખ્ખર

માનવવિકાસના વિવિધ તબક્કાઓના કાર્લ લેમ્પ્રેશ્રે આપેલા નામાભિધાનના શ્રી અરવિંદે માનવવિકાસ ચક્ર ગ્રંથમાં આપેલા અર્થઘટનો સંક્ષિપ્તમાં જાણી લઈએ.

**૧ પ્રતીકાત્મક (સિમ્બોલીક) યુગ :**

માનવવિકાસના પ્રાથમિક તબક્કાનો લેમ્પ્રેશ્રે 'પ્રતીકાત્મક' સમયગાળા તરીકે ઓળખાવ્યો છે. શ્રી અરવિંદ આ નામાભિધાનથી ઘણાં પ્રભાવિત થયા હોવાનું જણાય છે. તેમણે વિકાસના પ્રતીકાત્મક યુગનું અર્થઘટન વૈદિક સમયના ભારતમાંથી દૃષ્ટાંતો લઈને કર્યું છે.

શ્રી અરવિંદ જણાવે છે કે વૈદિક યુગના ભારતવર્ષમાં અગ્નિ, યજ્ઞ-યાગ, પૂજા અર્ચના, પુરુષ - પ્રકૃતિના મિલન સ્વરૂપ લગ્નો, સમાજપુરુષનું ચતુર્વણ સ્વરૂપ ઈત્યાદિ પ્રતીકો આજની આપણી મર્યાદિત દૃષ્ટિએ જોવામાં આવતા વિધિ - વિધાનો કે કર્મ - કાંડ ન હતાં, પરંતુ આ પ્રતીકો જ તે સમયના સમાજજીવનનો પર્યાય હતા. પ્રતીકાત્મકયુગનું સમગ્ર સમાજજીવન અને તે યુગની તમામ સામાજિક સંસ્થાઓ તેના મૂળ અર્થ અને સ્વરૂપમાં પ્રતીકાત્મક હતા. અર્થાત્ આ પ્રતીકો તેના ખરા અર્થમાં લોકો દ્વારા જીવવામાં આવતા હતા.

શ્રી અરવિંદ માનવવિકાસ ચક્ર ગ્રંથના પ્રથમ પ્રકરણમાં ભારતના સંદર્ભમાં માનવસમાજના પ્રતીકાત્મક યુગની જે સમજૂતિ આપે છે તે અદ્‌ભુત અને અનન્ય છે. શ્રી અરવિંદ લખે છે તેમ માનવસમાજની ઉત્ક્રાંતિનો આ પ્રાથમિકયુગ તત્ત્વતઃ ધાર્મિક અને આધ્યાત્મિક હતો. અલબત્ત શ્રી અરવિંદ એવી સ્પષ્ટતા ઉમેરે છે કે પ્રતીકાત્મક યુગને પ્રભાવિત કરવા મથતી અન્ય આર્થિક, ભૌતિક, નૈતિક, ઈત્યાદિ બાબતો તે સમયે તદ્દન અદૃશ્ય હતી તેમ કહેવું યથાર્થ નથી. પરંતુ આ બાબતો ધાર્મિક અને આધ્યાત્મિક જીવન શૈલીના અંકુશમાં હતી તેમ કહેવું વધુ ઉચિત છે.

### (૨) નમૂનારૂપ (ટાયપલ) યુગ

શ્રી અરવિંદ માનવવિકાસના આ અનુગામી યુગની સમજૂતિ આપતા લખે છે કે આ સમયમાં તેના પુરોગામી યુગનાં પ્રતીકો ધીમેધીમે 'મોડેલ' અથવા નમૂનાનું સ્વરૂપ એવા લાગ્યા. આ પ્રક્રિયા દરમિયાન લોકોનું ધાર્મિક અને આધ્યાત્મિક જીવન જાણે કે પ્રતીકોના બીબામાં ઢાળવામાં આવ્યું હોય તેવું બીબાઢાળ બનવાનું શરૂ થયું. આ યુગમાં ધાર્મિકતા અને આધ્યાત્મિકતા અદશ્ય થઇ ગયા નહીં પરંતુ માત્ર નમૂના-સ્વરૂપ બની રહ્યા. પ્રતિષ્ઠાના વિષય તરિકે ધાર્મિક અને આધ્યાત્મિક બાબતોનું મહત્ત્વ ચાલુ રહ્યું, જેમકે તેના પુરોગામી પ્રતીકાત્મક યુગનો ચતુર્વણ સમાજપુરુષ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, અને શુદ્રો સ્વરૂપે અસ્તિત્વમાં ચાલુ જ હતો, પરંતુ, વર્ણો સાથે જોડાયેલાં મૂલ્યો અને ગુણોનું સ્થાન પ્રતિષ્ઠાએ લીધું. મૂલ્યો અને ગુણો જે ધાર્મિક અને આધ્યાત્મિક સ્વરૂપ ધરાવતા હતા તે પડદા પાછળ જવા લાગ્યા અને આગળ જે જોવા મળ્યું તે નમૂનારૂપ વર્ણ-વ્યવસ્થા જ હતી. જે મૂલ્યો અને ગુણો સમાજના વિવિધ વર્ણના લોકો દ્વારા ખરા અર્થમાં જીવવામાં આવતા હતા તે લોકોના જીવન-વ્યવહારમાંથી અદશ્ય થવા લાગ્યા. જીવનનાં ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોની પડદા પાછળ ખસવાની આ પ્રક્રિયાને હવે પછીના રૂઢિગત (કન્વેન્શનલ) યુગના આગમનનો માર્ગ ખોલી આપ્યો.

### (૩) રૂઢિગત (કન્વેન્શનલ) યુગ

પ્રતીકાત્મક યુગમાં જે મૂલ્યો અને ગુણો લોકો દ્વારા વાસ્તવમાં જીવવામાં આવતા હતા તે નમૂનારૂપ યુગમાં પ્રતિષ્ઠાનો વિષય બન્યા. માનવવિકાસના આ ત્રીજા યુગમાં તેના પુરોગામી યુગના મૂલ્યો અને ગુણો રૂઢિઓ અને પરંપરાનો વિષય બની ગયા. જે મૂલ્યો અગાઉના યુગોમાં પ્રથમ આત્માસ્વરૂપના અને બાદમાં નમૂનારૂપ હતા તે હવે માત્ર બાહ્ય ચેષ્ટાઓ, આડંબર અને દેખાવનો વિષય બની ગયા. જેમ મનુષ્યના મનુષ્યત્ત્વનું સ્થાન તેનું શરીર લે અને શરીરનું સ્થાન માત્ર કપડાં કે બાહ્ય દેખાવ લે તેવો ઘાટ થયો. આ પ્રક્રિયા જેમ આગળ વધતી ગઇ તેમ રૂઢિઓનું રૂઢિકરણ થયું તેની સાથે જન્મ અને વારસાગત બાબતો ઉમેરાતી ગઇ. જન્મ અને વર્ણ સાથે વ્યવસાયનો સંબંધ સ્થપાયો. મૂલ્યો અને ગુણો છૂટતા ગયા, જે કંઇ બચ્યું તે અગાઉના યુગોનું માત્ર મશ્કરીરૂપ ચિત્ર જ હતું.

અલબત્ત, શ્રી અરવિંદ જણાવે છે તેમ પડદા પાછળ ધકેલાઇ ગયેલો

(અનુ.પાના નં.૧૭ ઉપર)

# અરવિંદોપનિષદ

પ્રકરણ-૧૬

## ચિન્મય જગત

**સ્વયંતુ ન ધર્તા ન ધાર્યો। નાનંતઃ ન સાંતો। નૈકો ન બહુઃ। નારૂપો ન રૂપી। કેવલ એવ યઃ। સર્વાણિ તુ એતાનિ નામાનિ। યદેકત્વં ચ બહુત્વં ચ। અનંતં ચ સાંતં ચ। પ્રકાશંત એવ ચિદાત્મનિ ચિન્મયે જગતિ।।**

તે પોતે તો જગતને ધારણ કરનાર પણ નથી અને તેને કોઈએ ધારણ કરી રાખેલ પણ નથી. તે અનંત (અસીમ) પણ નથી. તે સાંત (સીમિત) પણ નથી. તે એક પણ નથી અને અનેક પણ નથી. તે નિરાકાર, રૂપ વગરનો પણ નથી અને સાકાર રૂપ ધારણ કરેલો પણ નથી. તે તો ફકત કેવલ છે. આ બધા તો વિવિધ નામ માત્ર છે. એક અને અનેક, અસીમ અને સીમિત, આ બધા જ ચેતનામાં થતા અવિર્ભાવોં છે. આ ચિન્મય જગતમાં થતા આવિર્ભાવો છે. માનવનું મન જયારે કોઈ વસ્તુને સમજવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને એકાગ્ર થવું પડે છે. એકાગ્રતા કરવા માટે તેને જે દર્શન થતું હોય તેને બે ભાગમાં વહેંચી નાખવું પડે છે - મુખ્ય વસ્તુ અને તેની પાર્શ્વભૂમિ (Figure and background). આવા વિભાજન વગર તે સમજી શકતું જ નથી. વિભાજન કરતાં જ તે તુલના કરવા લાગે છે. બન્ને વચ્ચે સમાનતા અને અસમાનતા (વિશેષતા અથવા વિરોધાભાસ) શોધે છે. આને કારણે દરેક વસ્તુ ઓળખવા માટે તેને બે પર્યાયો વચ્ચેની પસંદગી કરવી પડે છે, જે પર્યાયોને તે એક બીજાથી તદ્દન વિરોધી ગણે છે, તેમાંનો એક પર્યાય હોય તો બીજો પર્યાય ન જ હોય એમ તે માને છે.

પણ આ બધી જાણવાની પદ્ધતિ જ્યાં ભેદભાવ પાડી શકાય છે ત્યાંજ કારગત નિવડે છે. જ્યાં ભેદ જ નથી ત્યાં આ મનની પદ્ધતિ નિષ્ફળ જાય છે.

પરમ-ચેતના તો કેવળ છે. કેવળ એટલે તેના સિવાય અખિલ બ્રહ્માંડમાં કાંઈ જ નથી. જો તેવી સ્થિતિ હોય તો તે ઠેકાણે મનની ભેદ-દૃષ્ટિ અર્થાત્ તુલના અને વિરોધાભાસ રજૂ કરવાની પદ્ધતિ કામ જ ન આવે એ સ્પષ્ટ છે. તેથી જ શ્રી અરવિંદ જણાવે છે કે તે પરમ-તત્ત્વ એવું છે જે નથી કોઈ વસ્તુને ધારણ કરતું, નથી પોતે ધારણ થતું. આ બન્ને ઘટના થવા માટે ધારણ કરનાર અને ધારણ થએલો એવો ભેદ હોવો જરૂરી છે પણ પરમચેતના તો અખંડ છે, તેથી તે નથી

ફકત ધારણકર્તા, નથી ફકત ધારણ થયેલી વસ્તુ. તે બન્ને છે.

આ બધી કલ્પનાઓ તો સાપેક્ષ છે અને સાપેક્ષતા (Relativity) તો બે સીમિત વસ્તુઓ બાબત હોય છે. જ્યાં અખંડ તત્ત્વ છે ત્યાં સાપેક્ષતાની કલ્પના જ કરી શકાતી નથી. સાપેક્ષતાથી પર એવો એક જ શબ્દ શાસ્ત્રોમાં વાપરે છે તે છે 'કેવલ'. તેના કેવલતાની સભાનતાને કહેવાય છે 'કૈવલ્ય.'

બસ આ ન્યાયે બધા જ સીમિત અર્થ ધરાવતા શબ્દો પણ તે પરમ-ચેતનાનું વર્ણન કરતી વખતે ટાળવાનાં છે, કારણ તે ભેદદૃષ્ટિ ઉપર આધારિત હોય છે. અનંત અને સાંત,એક અને અનેક, અરૂપ અને રૂપવાન, આ બધા શબ્દો આવા જ છે. પ્રભુ તો આ બધું જ છે, તેથી તે કોઇ પણ એક જ છે એમ કહી શકાતું નથી તે સ્વયંપૂર્ણ છે તેમાં બધું જ આવી જાય છે. શ્રી અરવિંદની ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે તેની પૂર્ણતામાં બધા જ વિરોધો અને તફાવતો નષ્ટ થઇ જાય છે. બધું જ પોતપોતાના સ્થાને ગોઠવાઇ જાય છે. તે તો બધી જ સાપેક્ષતાઓથી પર છે. તે 'કેવલ' છે. બધી જ તુલનાઓથી પર, બધા જ તફાવતોથી પર, બધા જ શબ્દોથી પર, બધી જ ભાષાઓથી પર, બધા જ વર્ણનોથી પર. તે છે અનિર્વચનીય.

તેથી ઉપનિષદો તેને માટે એક જ શબ્દ વાપરે છે 'તત્' અર્થાત્ તે.

શ્રી અરવિંદ જણાવે છે કે અખિલ બ્રહ્માંડમાં ચેતના ફેલાએલી છે તેમાં જ ઉપર જણાવેલાં શબ્દોના અર્થને અનુરૂપ આવિર્ભાવો સરજાય છે અને વિલીન થાય છે. આમ આ સમગ્ર જગત ચિન્મય જ છે. ચેતનાના આકારો સિવાય કોઇ વસ્તુ જ જગતમાં નથી. બધું ચેતનાજ છે કેવલ ચેતના જ છે. ચેતનાનો સાગર હિલોળે ચડ્યો છે. તેની એક એક લહેર એટલે એ એક વસ્તુ. આ બધી લહેરો શાંત થઈ જાય તો પણ ચેતનાનો સાગર તો રહે જ છે. આ સિદ્ધાંતોને 'ચિદ્ વિલાસવાદ' કહે છે.

---

(પાના નં.૧૯ ઉપરથી)

## વેદવિજ્ઞાન

**(૩) પૃષ્ઠત્ પૃથિવ્યા અહચંતરિક્ષાત્ દિવમારૂહમ્ । વિો નાકસ્ય પૃષ્ઠાત્ સ્વજયોર્તિ ગામહમ્॥**

હું (અહમ્) આ સ્થૂળ જગતની પાછળ રહેલ (પૃથિવ્યા પૃષ્ઠાત્) પ્રાણમય લોકમાં (અંતરિક્ષમ્) જઇ ચડયો (આરૂહમ્). તે બાદ અંતરિક્ષ લોકમાંથી મનોમય લોકમાં (દિવમ્) સ્વર્ગલોકમાં ઉપર ચડુ છું (આરૂહમ્). તે પછી તે સ્વર્ગલોકની પણ ઉર્ધ્વમાં રહેલ (દિવો નાકસ્ય પૃષ્ઠત્) આત્મજયોતિનાં પ્રદેશમાં (શ્રી અરવિંદની ભાષામાં અતિમનસમાં) પહોચું છું (સ્વં જયોતિઃ અગાહમ્). (ક્રમશઃ)

# વિજ્ઞાન અને અધ્યાત્મ

પ્રકરણ - ૪

## વિજ્ઞાન અને અધ્યાત્મની સંશોધન પદ્ધતિ

વિજ્ઞાન અને અધ્યાત્મ શાસ્ત્ર બન્ને સત્ય શોધક જ છે. એક બાહ્ય જગતનું સત્ય શોધવા પ્રયત્ન કરે છે બીજું આંતર-જગતનું. પણ અમુક વિકાસ બાદ બન્નેને પોતાનું ક્ષેત્ર વિસ્તૃત કરીને બીજા ક્ષેત્રમાં પણ પ્રવેશવું પડે છે અને ત્યાં પણ સત્યશોધન કરવું પડે છે. દા.ત. વિજ્ઞાન હવે માનસશાસ્ત્ર સાથે આંતરજગતમાં સત્યશોધન તરફ વળ્યું છે. અધ્યાત્મશાસ્ત્ર ભૌતિક-જગતની સત્યતા વિષે વિચાર કરતું થયું છે.

સર્વ સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે વિજ્ઞાનનો ઓગણીસ અને વીસમી સદીમાં જે ઝડપી વિકાસ થયો ત્યારથી અધ્યાત્મશાસ્ત્ર અને ધર્મ સાથેનો તેનો સંઘર્ષ શરૂ થયો અને આ ઘટના પ્રથમ જ વિજ્ઞાનના પ્રગતિ સાથે થઇ છે પણ ખરેખર તેમ નથી. ભારતમાં વિજ્ઞાનક્ષેત્રે વિશેષતઃ રસાયનશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર, શરીરરચના શાસ્ત્ર, ભૂગોલ, ભૂમિતિ અને વિશ્વવિજ્ઞાનમાં ભારતમાં પણ ભૂતકાળમાં વૈજ્ઞાનિક પ્રગતિનો એક યુગ આવી ગયો હતો છતાં ત્યારે વિજ્ઞાને અને અધ્યાત્મમાં આ વખત જેવો સંઘર્ષ થયો નહોતો. આથી વિરુદ્ધ તેમનો ઉપયોગ અધ્યાત્મ અને ધર્મમાં મુક્તપણે કરાયેલો દેખાય છે. કલાનો પણ તેવી જ રીતે વિકાસ થએલો જણાય છે. તો પછી આ વખતે જ આવો સંઘર્ષ યુરોપમાં શા માટે જાગ્યો?

વાસ્તવિકતા એ છે કે ધર્મનાં મૂળભૂત મધ્યવર્તી સિદ્ધાંતો અને ધર્મમાં ઉલ્લેખ કરાએલી ગૌણ બાબતો વચ્ચેનો વિવેકપૂર્ણ તફાવત યુરોપ કરી શક્યું નહિ. કોઇ પણ અધ્યાત્મિક વ્યક્તિ આધ્યાત્મિક સત્યો બાબત જેટલી વિશ્વાસપૂર્ણ ગણાય છે તેટલી તે અન્ય શાસ્ત્રો બાબતની તેની માન્યતા બાબતમાં ન જ ગણાવી જોઇએ કારણ અન્યક્ષેત્રે તે સામાન્ય વ્યક્તિની જેમ જ તત્કાલીન પ્રચલિત માન્યતાઓ ધરાવતી હોય છે.

યેશુએ જે આધ્યાત્મિક સત્યો કહ્યાં તેને તેમના અન્ય વિધાનોથી વિવેકપૂર્ણ રીતે અલગ તારવવાની જરૂર છે. પૃથ્વી ઊંધી રકાબી જેવી છે એ બાયબલમાંનું યેશુનું વિધાન તત્કાલીન એક પ્રચલિત માન્યતા સિવાય કાંઇ નથી. યેશુની

આધ્યાત્મિક સત્યો વિષેની શ્રદ્ધેયતાને સામાન્ય માનવો તેના અન્ય વિધાનો બાબત પણ માન્ય રાખશે તો વિજ્ઞાનને સંઘર્ષમાં ઉતરવું જ પડશે. ગેલિલીઓનું પૃથ્વી વિષેનું વિધાન વિજ્ઞાની તરીકે સ્વીકારવું જોઇએ અને યેશુના વિધાનને એક ગૌણ મહત્ત્વ આપવું જોઇએ. આવો વિવેક ભારતમાં સદા રહ્યો છે તેથી ભારતમાં વિજ્ઞાન અને અધ્યાત્મ સંઘર્ષમાં ઉતર્યાં જ નથી. અધ્યાત્મના અનેક વિધાનો પૈકી કેન્દ્રિય વિધાનોને ઋષિઓએ જ પ્રથમથી 'મહાવાકય' અર્થાત્ અધ્યાત્મિક રીતે મહત્ત્વનાં વાકયો તરીકે ગણાવી અન્ય વિધાનોથી અગલ પાડી રાખ્યાં છે. તેથી ભારતીયોમાં નૈસર્ગિક રીતે સમગ્રતાનો અને સમન્વયનો દૃષ્ટિકોણ વિકાસ પામી વિજ્ઞાન અને અધ્યાત્મનો સંઘર્ષ ટળ્યો છે.

આ જ ભૂમિકા હવે બધાએ અર્થાત્ સમગ્ર માનવજાતે લેવાની જરૂર છે. બન્ને શાસ્ત્રો સત્યશોધક હોવાથી બન્ને સમન્વયથી વ્યાપક-સત્યશોધન-કરવું જરૂરી છે.

અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરી પ્રગતિ કરવી એ જ હવે રાજમાર્ગ ગણાશે. અભ્યાસ કરશું તો જણાશે કે બન્નેની સંશોધન પદ્ધતિમાં ખરેખર ખૂબ મોટો કે મૂળભૂત તફાવત નથી જ.

બન્ને તટસ્થ નિરીક્ષણ ઉપર અને તાર્કિક સુસંવાદ ઉપર ભાર મૂકે છે. વિજ્ઞાનને જેટલી પ્રાયોગિક નિરીક્ષણની જરૂર છે તેટલી જ અધ્યાત્મને આંતરિક પ્રયોગો કરીને નિરીક્ષણ કરવાની જરૂર છે. ગાંધીજીના 'સત્યના પ્રયોગો' મારા કથનને પુષ્ટિ આપશે. બન્ને શાસ્ત્રો પ્રયોગો કરીને જ સત્યો તારવે છે. પંતંજલી પ્રયોગને જ 'સંપ્રયોગઃ' શબ્દ વાપરે છે. યોગ્ય સર્વાંગપૂર્ણ અને વિવેકપૂર્ણ પ્રયોગ એટલે જ 'સંપ્રયોગ.' તેમ જ બન્ને શાસ્ત્રોમાં એકાગ્રતાની જરૂર છે. એકાગ્રતાથી જ ઘટના પાછળનું રહસ્ય આપણી સામે છતું થાય છે અને તેનો વ્યવહારુ ઉપયોગ કરવાની ક્ષમતા આવે છે આને જ પતંજલી 'સંયમ' કહે છે. કોઇ તત્ત્વ ઉપર પોતાનું સ્વામીત્વ સ્થાપવું એટલે જ સંયમ. સંયમ એટલે અંકુશમાં રાખવું. પતંજલીનો વિભૂતિવાદ આવા અનેક સંપ્રયોગોથી ભરપૂર છે.

ભારતમાં શંકરાચાર્યે એક ઠેકાણે જણાવ્યું છે કે અગ્નિ શિતલ છે એવું ઉપનિષદોનું વિધાન હશે તો તે પોતે માન્ય નહિ રાખે. આ વિધાન દર્શાવે છે કે વિજ્ઞાનનું અને અધ્યાત્મનું નિશ્ચિત અલગ ક્ષેત્ર એ વખતે ગણાતું હતું.

ભારતીય અધ્યાત્મ તો તેથી પણ આગળ જઇને જણાવે છે કે મૂળ સત્ય તો

(અનુ.પાના નં.૪૮ ઉપર)

# ભારતીય સંસ્કૃતિ

## ભારતીય સંસ્કૃતિનું મૂળતત્વ અને તેની પ્રણાલી

પ્રકરણ - ૫

(ભારતીય સંસ્કૃતિના પાયા - પેજ ૧૮૮ - ૧૯૯ ઉપર આધારિત)

ભારતીય ધર્મના સિદ્ધાંતો, તેનો ઐતિહાસિક વિકાસક્રમ, તેને જીવનમાં લાવવા ઋષિઓએ અપનાવેલી વર્ણાશ્રમ જેવી પદ્ધતિઓ આ બધાની ગત પ્રકરણોમાં જે ચર્ચા કરી છે એ મતે કે અધ્યાત્મને જીવનમાં અને વ્યવહારમાં લાવવા અનુભવસિદ્ધ અને વાસ્તવિક એવી કઇ પદ્ધતિ હોઇ શકે? જ્યારે આ નવા ઔદ્યોગિકરણ અને ભૌતિકજીવનના અતિ મહત્ત્વની જન સામાન્ય સ્વિકૃતિ જોતા, તેમજ વિશ્વમાંની બધી સંસ્કૃતિઓના લોકો, વૈજ્ઞાનિક શોધોને લીધે એટલા પાસે આવી ગયા છે કે સમગ્ર માનવ-જાતિ એકરસ થવા માંડી છે ત્યારે આ માહોલમાં આપણે ભૂતકાલિન નષ્ટપ્રાય પદ્ધતિઓ ત્યાગી કઇ પદ્ધતિઓ અપનાવવી પડશે તેનો સાચો અભિગમ અને સમજણ આપણામાં આવે એ જરૂરી છે.

ભારતીય-ધર્મ બાહ્ય અને આંતર અનુભવોને આધારે  વિકસતા વિકસતા પ્રભુની ચેતનામાં જીવવાનો જે શ્રેષ્ઠતમ આદર્શ રાખે છે તે આજે પણ શ્રેષ્ઠતમ જ પુરવાર થવાનો છે. તેમજ તે માટે માનવી-પ્રકૃતિનું રૂપાંતર કરવું જરૂરી છે એ વસ્તુ પણ કોઇ અમાન્ય કરી શકે તેમ નથી.

દરેક સંસ્કૃતિનો અને ધર્મની ચડતી પડતી થાય જ છે. પડતીનો અર્થ સંસ્કૃતિના વિનાશ થતો નથી અને ચડતીનો અર્થ બધી જ મુશ્કેલીઓ ઉપર વિજય થયો એવું પણ નથી. આ ચડતી પડતીની ઘટના એ વિકાસ પ્રક્રિયાનો સ્વભાવ જ છે એ સમજવું જરૂરી છે. દા.ત. ગ્રીસદેશમાં આંતરિક વિખવાદ ચરમ-કોટીએ હતાં પણ છતાં તે દેશે યુરોપને સાંસ્કૃતિક વારસો આવ્યો છે. ઇટલીની તે જ અવસ્થા હતી પણ તેણે પણ પોતાના સાંસ્કૃતિક વારસો નોંધાવેલ છે. દરેક દેશની નબળાઇઓ તેની સંસ્કૃતિને નબળી પાડી શકે છે અને તેનું બળ સંસ્કૃતિમાં બળ પૂરું પાડી શકે છે.

સંસ્કૃતિની મહાનતા ફક્ત તેણે સેવેલા ઉચ્ચ આદર્શોમાં નથી પણ તેણે તેમને જીવનમાં કેટલા પ્રમાણમાં લાવ્યાં તેની ઉપર પણ છે.

દા.ત. ૧) સંસ્કૃતિનાં આદર્શો જેમ મોટા હાય તેમ તેના દોષો પણ વધારે દેખાય છે. કારણ તે ઉચ્ચ આદર્શોને વાસ્તવિક બનાવવામાં તેને અનેક અવરોધો આવતા હોય છે.

દા.ત. ૨) ભારતીય સંસ્કૃતિ સમગ્ર જીવનને આવરી લે છે. જેમ સંસ્કૃતિનું ક્ષેત્ર મોટું તેમ પણ અવરોધો વધારે દેખાય. ક્ષેત્ર એટલે બન્ને દૃષ્ટિએ. વધારે જન -સંખ્યાનો મોટો ભૂપ્રદેશ આ બાહ્ય ક્ષેત્ર છે. અને જીવનનાં બધા જ પાસાને આવરી લે તો તે આંતરક્ષેત્ર છે. ભારતીય સંસ્કૃતિ બન્ને દૃષ્ટિએ વિશાળક્ષેત્ર ધરાવે છે.

૩) સમાજની એક નબળાઈ જ્યારે ખૂબજ વિકરાળ બની જાય છે. ત્યારે તે રોગ બની જાય છે અને સંસ્કૃતિમાં સડો નિર્માણ કરે છે. દા.ત. ભારતની પ્રાણશક્તિના પ્રહારો ભારતીય સંસ્કૃતિને નબળી પાડી.

૪) આદર્શો અને વ્યવહાર વચ્ચેની ખાઈ પૂરી તેમને જોડવા એ સંસ્કૃતિની સહુથી વધારે કપરી જવાબદારી છે. તેને કારણે જ આદર્શોને આચરવા માટે રચેલા વર્તનપ્રકારો ફક્ત એકનિર્જીવ કર્મકાંડ કે યાંત્રિક વિવેકમાત્ર બની રહે છે.

૫) દરેક સંસ્કૃતિએ માનવજાતિના સાંસ્કૃતિક ભંડોળમાં પોતાનો નાનો મોટો ભાગ ઉમેરેલો જ હોય છે. દા.ત. ગ્રીસે તર્કશક્તિ અને સૌંદર્યદૃષ્ટિ ખીલવી, યુરોપે આર્થિક બળ અને વ્યવહારૂ બુદ્ધિ વિકસાવી. ભારતે આધ્યાત્મિક-શક્તિથી અનુશાસિત જીવન આપ્યું.

આમાંનો કોઈનો પણ અતિરેક જીવનમાં વિકૃતિ લાવે છે. દા.ત. યુરોપની આર્થિક તાકાત વધારવાની ભૂખે કેટલા દેશોને પરતંત્ર કર્યા. અને સાથે સાથે જીવન ધન કમાવા માટે જ છે. એવો વ્યાપક ભ્રમ પણ નિર્માણ કર્યો.

મિ. આચર જણાવેં છે કે ભારત પોતાની ઉણપોમાં જ ખૂંપી ગયું છે. આ એક વાસ્તવિકતા સ્વીકારીને આપણે તેમાંથી બહાર નીકળવાં નીચેનાં પ્રયત્નો કરવા જરૂરી છે:

૧) ભારતે પોતામાં જે ઉત્તમ છે તે બાબત સભાન બનવું પડશે.

૨) ભારતે ખોવાએલી પ્રાણ - શક્તિને ફરી મેળવી પોતાની ઉત્તમતાને ફરી

જીવનમાં લાવવાની રહેશે.

ભારતને આ વસ્તુ શક્ય છે કારણ ભૂતકાળમાં ભારતે પોતાના ધર્મમાંની ગૂંચવણો અને અપૂર્ણતાઓને સ્પષ્ટ કરીને ભારતીય જન માટે એક નિશ્ચિત, વિશાળ, વ્યવહારુ માર્ગ શોધી જ કાઢ્યો હતો.

ઉપરની બન્ને શરતો પૂરી કરવા છતાં જો નિષ્ફળતા મળતી હોય તો તેના બે કારણો હોઈ શકે છે :

૧) વાસ્તવિક - જીવનની હકીકતો સાથે હજી આદર્શો બરાબર ગોઠવાયા નથી.

૨) જીવનની હકીકતો સમજવામાં જ કાંઈ ગડબડ થઈ ગઈ છે.

ભૌતિક વ્યવહારુ જીવનને મજબૂત કર્યા વગર અધ્યાત્મને માનવ પામી શકતો નથી. તેનાં મન, પ્રાણ, શરીરને મજબૂત કરવું એ અનિવાર્ય શરત છે.

ભારતીય - સંસ્કૃતિએ જીવન ઉપર અસર કરી જ નથી, એ કહેવું અસત્ય છે. તેની સમાજજીવન, નૈતિક ખ્યાલો, કલા, સાહિત્યનાં સર્જનો જ દર્શાવે છે કે જીવન પ્રભાવિત થએલ જ છે.

એક સાર્વજનિક ભ્રમ છે વેદોએ અને ઉપનિષદોએ જીવનનો સ્વીકાર જ નથી કર્યો. ફક્ત અધ્યાત્મમાં જ રસ લીધો છે. પણ આ ખોટું છે. બન્ને વેદો અને ઉપનિષદો માને છે કે જગત - દ્વારા જ બ્રહ્મનો આવિર્ભાવ થઈ રહ્યો છે. બોદ્ધ ધર્મમાં એ સમતુલા ભાંગી પડી એ સાચી વાત છે. તે વખતે જ જીવનની ક્ષણભંગુરતા અને અધ્યાત્મની શાશ્વતતા વચ્ચે તીવ્ર ભેદ પાડવામાં આવ્યો. આના પરિણામે શંકરાચાર્યના માયાવાદ સ્વરૂપે ભારતીય સંસ્કૃતિમાં પણ પ્રવેશ્યો.

મિ. આર્ચરનું કહેવું છે કે આત્મતત્ત્વ ઉપરનો ઝોક, અસીમ નિર્વૈયક્તિક સત્ય, આ ઉપરના ભારે જીવનની ઈચ્છાશક્તિને મારી નાખી. જીવનને હતાશ, નિરાશ નિરુત્સાહી બનાવી દીધું, વૈરાગ્યપૂર્ણ બનાવ્યું તેથી ભારત કોઈ પોતાનું મોટું પ્રદાન જગતને આપી શક્યું નથી. ન કોઈ મહાન વ્યક્તિઓ, ન પરાક્રમી પુરુષો, ન પ્રેરણાદાયી સાહિત્ય કે કલા, ન વિજ્ઞાન કે શોધો. યુરોપનાં ત્રીજી કક્ષાના નિમ્ન સાહિત્યના પણ તે તોલે નથી.

શું આ ટીકા સત્ય છે ? એ જ આપણે સમજી લેવું હવે જરૂરી છે.

# સાવિત્રી-સાર

પ્રકરણ - ૮૨

A low..... costly prize

(Savitri B-1, C-3, P 30-31)

## મનની પેલેપાર

અશ્વપતિને આ અવનવી ચમત્કારિક અનુભૂતિઓ આવી રહી હતી. તે આશ્ચર્ય -ચકિત થઈ જતો હતો અને નવું જાણવા મળ્યાનો અદ્‌ભુત આનંદ પણ મેળવી રહ્યો હતો. પોતે કોઈ અકલ્પનીય સાહસ-યાત્રાએ ઉપડી ગયો છે, તેનો રોમાંચ તે અનુભવી રહ્યો હતો. તેમાં અનાયાસે જે દૂરશ્રવણ જેને Clairaudiance કહે છે, તેની ક્ષમતા જાગી ગઈ હતી. સૂક્ષ્મ જગતની અકલ્પનીય વસ્તુઓને તે સાંભળી શકતો હતો. તેમનો સંપર્ક તેને ઉત્તેજીત કરી રહ્યો હતો. કોઈ સૂક્ષ્મ અસીમતાનો સ્પર્શ જ્યારે તેની ચેતના અનુભવતી હતી ત્યારે તો અશ્વપતિને પોતે પોતાનો રહ્યો નથી એવું લાગતું હતું. પોતાનું નાનકડું, નિર્બળ સ્વરૂપ તેને પોતાની જ વિશાળતામાંની એક વામણી વસ્તુ લાગતી હતી. તે અસીમતામાં જ જાણે તે જીવી રહ્યો હતો, શ્વસી રહ્યો હતો, વિચરી રહ્યો હતો એવું તેને લાગતું હતું.

આવી સૂક્ષ્મ અસીમતામાં તેનું ઉદ્‌ઘાટન થતું હતું. ત્યારની સ્થિતિ અને પ્રક્રિયા તેને હવે અજાણી રહી નહોતી. તે પ્રભુ અને જગન્માતાની આરાધના કરતાં કરતાં જ્યારે અભીપ્સાની તીવ્રતામાં ઊર્ધ્વગતિ ધારણ કરતો ત્યારે તેને પોતાની ચેતનાનો વિસ્તાર એક રજતરંગી ચેતનામાં થતો અને વિસ્તરતો લાગતો હતો. એક નિર્મળતા અનુભવાતી. પોતાના શરીરનું કોચલું તેની ચેતનાને પૂરી રાખી શકતું નથી એવા સંવેદનો જાગતા. અને તે અભીપ્સાનાં પોકાર સાથેની આ રજત ચેતનામાંથી તે પેલી જળ જેવી પારદર્શક અસીમ, નિરાકાર નિર્લેપ, સ્થિર, પ્રશાંત ચેતનામાં સરી પડતો. આ અભીપ્સા અને રજત ચેતના જાણે તે અસીમ - ચેતનાનું પ્રવેશદ્વાર પુરવાર થતું હતું. શ્રી અરવિંદ તેને "Silver - Cry" તરીકે વર્ણવે છે. તે પોકાર ઉઠતા જ અશ્વપતિની દૃષ્ટિનો હનુમાન કૂદકો પેલી અસીમ ચેતનામાં પહોંચાડી દેતો. આપણી ભૌતિક ચેતનાની આસપાસ ઘેરી વળેલ સૂક્ષ્મ અને અદૃશ્ય વાસ્તવિકતાઓનો અશ્વપતિને પરિચય મળી રહ્યો હતો. શ્રી અરવિંદ લખે છે કે

"It was reign of wonder and delight,
All now his bright clairaudiance could receive,
A contact thrilled of mighty unknown things.
Awakened to new unearthly closnesses.
The touch replied to subtle infinities,
And with a silver-cry of opening gates,
Sights lightenings leaped into the invisible."

આવા સૂક્ષ્મ જગતોના અનુભવોને કારણે આધ્યાત્મિક જ્ઞાનનું એક નવું ક્ષેત્ર ખુલતું અશ્વપતિને લાગ્યું અને ચેતના ફક્ત પૃથ્વી ઉપરની અને ફક્ત ભૌતિક-શરીર દ્વારા જ પ્રગટ થાય છે એ ભ્રામક ખ્યાલ છૂટતો ગયો. ચેતનામાં બધી જ પરિસ્થિતિમાં અનુરૂપ થઈ જીવન ધારણ કરવાની ક્ષમતા છે એની પૂરેપૂરી ખાતરી થઈ. અશ્વપતિને એમ જ લાગવા લાગ્યું કે ચેતના તો સર્વત્ર ફેલાએલી જ છે અને દરેક કક્ષાએ પોતાનો આવિર્ભાવ કરવાની મૂળભૂત ક્ષમતા તેમાં રહેલી જ છે. અશ્વપતિની ચેતના આવા અનુભવોથી વધારે ને વધારે વિશાળ થતી ગઈ. તેની જીવન બાબતની દૃષ્ટિ પણ તે અનુસાર વિકસવા લાગી. વિશાલતા ધારણ કરવા લાગી. અશ્વપતિની સમજણ વધારે પરિપક્વ થઈ અને હાલમાં અનુભવાતા ચેતનાના સ્તરોની પણ ઉપરનાં ચેતનાનાં સ્તરોમાં પ્રવેશવા લાગી. ઝંપલાવા લાગી. દરેક ચેતનાના વિશાલ સ્તરમાં અનુભવ લઈ એક એક જગત પણ કેટલું વિશાલ અને વિવિધતાથી ભરપૂર છે તેનું જ્ઞાન તેને થવા લાગ્યું. શ્રી અરવિંદ લખે છે કે

"Ever his conssiousness and vision grew.
They took an ampler sweep and loftier flight."

અશ્વપતિ હવે ભૌતિક ચેતનાના પ્રદેશોને છોડી ઊર્ધ્વમાંનાં સૂક્ષ્મ પ્રદેશોમાં વિહરવા લાગ્યો હતો. તેને તે પ્રાણમય અને મનોમય પ્રદેશો પણ ભૌતિક જગત જેવા જ સત્ય અને વાસ્તવિક લાગતાં હતાં. તે તેના મનના ખ્યાલો માત્ર છે એવો ભાવ જતો રહ્યો હતો. તેમને પણ વસ્તુનિષ્ઠ સત્યતા છે એની તે ખાતરી થઈ હતી. થોડા સમય પછી અશ્વપતિની ચેતના પ્રાણમય જગતથી પણ ઉપર ખસવા માંડી અને મનોમય લોકમાં જ રહેવા લાગી. શ્રી અરવિંદ લખે છે કે

"He passed the boarder marked for matters rule,
And passed the zone where thought replaced life."

થોડો સમય આમ જ પસાર થયો અને તેની ચેતના ઊર્ધ્વ લોકોમાં ખસતી જ ચાલી... ખસતી જ ચાલી. હવે રૂપરંગનું આકારનું જગત આછુંપાતળું થવા માંડ્યું હતું. અને તે વિવિધ સ્વરૂપો વધારે ને વધારે સૂક્ષ્મ વાયુરૂપ થવા લાગ્યાં હતાં. તે સ્વરૂપોની સંખ્યા પણ ઘટવા લાગી હતી. ચેતનાના નિર્જન પ્રદેશ તરફ પોતે જઇ રહ્યો છે એવું તેને લાગવા માંડ્યું, વાતાવરણ નિરાકાર ચેતનાથી વધારે ને વધારે સભર લાગવા લાગ્યું. જાણે ચેતનાને હવે પ્રગટ થવા કોઇ સાધનની જરૂર જ નહોતી, ન કોઇ શરીરની, ન કોઇ આકારની કે રંગરૂપની,એક જળ જેવી પારદર્શક ચેતનાની હાજરી વધારે ને વધારે વર્તાવા લાગી અને અચાનક...

અશ્વપતિ આ રંગરૂપ, આકાર, શરીરનાં પ્રદેશમાંથી આવી વસ્તુઓ જયાં અસ્તિત્વમાં જ નથી એવા એક નિરાકાર જગતમાં પ્રવેશ્યો ત્યાં જેને આપણે જગત કહી શકીએ એવું સાકાર, સક્રિય જગત જ નહોતું. પણ છતાં એક નિરાકાર, નિષ્ક્રિય ચેતનાની પ્રખર હાજરી અનુભવાતી હતી - જાણે રંગ, રૂપ, શરીર આકાર તેના મૂળભૂત સ્વરૂપ ચેતનાની હાજરીમાં ઓગળી ગયાં હતાં. અહીં ચેતનાનું શરીર કે આકાર નહોતો પણ હાજરી હતી. અહીં ચેતનાને પ્રગટ થવા સક્રિય થવાની જરૂર નહોતી. પોતાની નિષ્ક્રિયતામાં પણ તેની હાજરી અનુભવાતી હતી.

અશ્વપતિ તો આ નઝારો જોઇ દંગ થઇ ગયો હતો. તેનો શ્વાસ પણ ભારે અને ધીમો પડી ગયો હતો. જાણે તે ક્રિયા પણ ચેતનાની હાજરીમાં ખલેલ ન પાડે એવી તેની ઇચ્છા હતી.

અશ્વપતિએ ચોતરફ નજર ફેરવી. તેને સર્વત્ર એક અનામી નિરાકાર વિશાલતા જ પથરાએલી દેખાઇ રહી હતી. ખરેખર તો તે અનુભવાઇ રહી હતી. આ ભૌતિક ઇન્દ્રિયોથી નહિં પણ કોઇ સૂક્ષ્મ ઇન્દ્રિયથી કદાચ અંતઃકરણથી, ચિત્તથી. શ્રી અરવિંદ લખે છે કે

"Out of this world of signs suddenly he came,
Into a silent self where world was not:
And looked beyond into a nameless vast"

અશ્વપતિ મનસાતીત જગતમાં વિહરી રહ્યો હતો. સાકાર જગતના સીમાડે પહોંચી ગયો હતો. અચલ ચેતનાના સામ્રાજયમાં તેણે પદાર્પણ કરેલ હતું.

(ક્રમશઃ)

# પત્રોત્તર

## સ્વરૂપની ભૂમિકાઓ

પ્રકરણ-૨

### ચેતનાની કાર્યપદ્ધતિ

(યોગ પર પત્રો ગ્રંથ ૧ - પેજ - ૨૬૨-૨૬૫)

ચેતના પોતે બહુસ્તરીય છે તેથી તેને જે સ્તરે સક્રિય થવું હોય અથવા તીવ્ર રીતે સભાન થવું હોય તે સ્તરે તે એકાગ્ર થાય છે. આ એકાગ્રતાને કારણે તે સ્તરે તે સભાન બને છે. અન્ય સ્તરો એ વખતે જાણે પાર્શ્વભૂમિમાં જતા રહે છે અને આ એક જ સ્તર જાણે અગ્રભાગે આવી જાય છે. આપણે મન, અર્થાત્ વૈચારિક સ્તર, પ્રાણ અર્થાત્ ભાવનાત્મક સ્તર, સૂક્ષ્મપાર્થિવ અર્થાત્ કલ્પનામય સ્તર અને ભૌતિક અર્થાત્ આ નક્કર ભૌતિક જગતના સ્તરે જાગૃત થઈ શકીએ છીએ. આ માનવી ચેતનાની ઉપર પણ મનના પ્રદેશો અથવા સ્તરો આવેલાં છે જેમને ઊર્ધ્વમન, પ્રકાશમય મન, અંતઃપ્રેરણાત્મક મન, દૈવિક-મન (અધિમનસ) કહેવાય છે તેની ઉપર અતિમનસનાં અર્થાત્ વિજ્ઞાનમય ચેતનાના ત્રણ સ્તરો છે. અને તેથી ઉપર આત્માનાં સ્તરો છે જેમને સત્-ચિત્-આનંદ કહીએ છીએ.

માનવી ચેતનાના નીચે અવચેતન અને અચેતનનાં સ્તરો છે જેના શાસ્ત્રોમાં સાત પ્રકાર પાડેલાં છે જેમને સપ્તપાતાળ કહે છે. ચેતનાની એકાગ્રતા આ ચેતનાના વિસ્તીર્ણ ફલક ઉપર, કયાંય જાગૃત થઈ શકે છે.

માનવી સ્વરૂપમાંના મન, પ્રાણ અને પાર્થિવ તત્ત્વનાં પણ બે ઉપર સ્તરો પડે છે જેમને બાહ્ય સ્તર, આંતર સ્તર કહેવાય છે. આ બન્ને મનબુદ્ધિનાં સ્તર છે. તેની પર પ્રકાશમય ચિત્તનું સ્તર છે જેને ચૈતસિક સ્તર કહેવાય છે તે જીવનું વસતિ-સ્થાન છે. જીવ (ચૈત્યપુરુષ) આ વ્યક્તિગત ચેતનાનો અગ્રભાગ છે તે જ મન, પ્રાણ, શરીરનું સંચાલન કરીને તેમને ચેતનાના આવિર્ભાવ માટે તૈયાર કરે છે. તે પોતે તો એક પ્રતિનિધિ હોય છે. તે જીવાત્માનું આવિર્ભાવ કેન્દ્ર છે. જીવ અર્થાત્ ચૈત્યપુરુષ અને જીવાત્મામાં તફાવત છે. જીવનું મૂળ આત્મા સ્વરૂપ તે જીવાત્મા. જીવાત્મા પ્રભુનો અંશ છે અને પ્રભુ સાથે સદા એકરૂપ જ હોય છે તેથી

તે પ્રભુની જેમ સર્વજ્ઞ, સર્વશક્તિમાન હોય છે. તે સર્વવ્યાપી હોય છે. તેણે પ્રભુનો પોતાની દ્વારા વિશિષ્ટ-રૂપે પ્રગટ થવાનો સંકલ્પ ધારણ કરેલો હોય છે જે પ્રભુના આદિસંકલ્પનો જ એક અંશ હોય છે તે સંકલ્પને જ ઋતમ્ કહે છે. આ જીવાત્મા જ વ્યક્તિના જીવન-વિકાસનો અધ્યક્ષ હોય છે. તે જીવન-મરણની પ્રક્રિયામાં પ્રવેશતો જ નથી. તે અવિચલ અને યથાવત્ રહે છે તેથી તેને અક્ષરપુરુષ કહે છે. જીવ આ તેથી વિરુદ્ધ જન્મમરણની પ્રક્રિયામાં પ્રવેશેલો હોય છે. તે દેહ ધારણ કરે છે અને ત્યાગે છે. તે વિકાસ પામે છે. તેથી તેને ક્ષરપુરુષ કહે છે. તે માનવની ચેતનાને વિકસાવવા ચિત્તમાં દબાણ કરે છે. તે દબાણ લાવવા આંતર કે બાહ્ય પરિસ્થિતિ સર્જે છે. આ દબાણનો સાચો હેતુ જાણવા તેથી જ માનવે ચિત્તમાં હૃદયમાં એકાગ્ર થવાની જરૂર છે. ચિત્તના તળીયે રહેલા ચૈત્યપુરુષની વધારે ને વધારે પાસે જવા આંતર પ્રવેશ કરવો પડે છે.

ચૈત્યપુરુષ જ્યોતિર્મય છે. તેનો પ્રકાશ જે મન,પ્રાણ શરીરનાં સ્તરોને થોડો ઘણો ધારણ કરે છે તેવા અર્ધપ્રકાશિત સ્તરોનેજ આંતરમન, આંતરપ્રાણ અને આંતર પાર્થિવ-તત્ત્વ કહેવાય છે. તે વધારે સાત્ત્વિક હોય છે.

માનવ પોતાની ચેતનાના વિકાસ માટે આ રીતે બે દિશામાં પ્રવાસ કરી શકે છે. એક, ચિત્તની અંદર ઊંડા ઉતરી ચૈત્ય-પુરુષનો સંપર્ક સાધવાની આંતિરક દિશા. બીજી ઊર્ધ્વમાં મસ્તકની ઉપર રહેલ જીવાત્મા સાથે સંપર્ક કરવા માટે ઊર્ધ્વગમન કરવાની ઊર્ધ્વ દિશા. આંતર પ્રવાસથી ચૈત્યપુરુષ (જીવ) સ્વરૂપ વ્યક્તિ ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. ઊર્ધ્વ પ્રવાસથી જીવાત્મા સ્વરૂપ વૈશ્વિક-ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. સાધક બન્નેમાંથી કોઇ પણ દિશામાં પોતાની પ્રકૃતિનાં સ્વભાવ અનુસાર જઇ શકે છે. સર્વસાધારણ રીતે જ્ઞાનમાર્ગી ઊર્ધ્વપ્રવાસને અનુસરે છે જ્યારે ભક્તિમાર્ગી આંતર પ્રવાસને, જીવ અથવા ચૈત્યપુરુષ જ સાચો ભક્ત હોય છે કારણ તે સદા પ્રભુને સમર્પિત હોય છે.

વ્યક્તિનો અહંકાર એ તો ચૈત્યપુરુષની અપરા અશુદ્ધ પ્રકૃતિમાં પડેલી છાયામાત્રા છે. શુદ્ધ અને દિવ્યપ્રકૃતિ એ ચૈત્યપુરુષની હોય છે. તેમાં આંતર મન, પ્રાણ, શરીરની પ્રકૃતિનો પણ સમાવેશ થાય છે કારણ તે ઓછાવત્તા પ્રકાશિત હોય છે, જે મન, પ્રાણ, શરીરે ચૈત્યપુરુષનો પ્રકાશ જ ધારણ કરેલ નથી તેને અશુદ્ધ અથવા અપરા પ્રકૃતિ કહેવાય છે. અપરા એટલે બીજી કક્ષાની અર્થાત્ થોડીક નિમ્ન કક્ષાની.

આ નિમ્ન પ્રકૃતિનાં પ્રદેશમાં રહેનાર અહંકાર જ્યાં ચૈત્યપુરુષ એકાગ્ર થાય

છે ત્યાં જઇને જોડાઇ જવાનો પ્રયત્ન કરે છે અને પોતે તે કાર્ય કરી રહ્યો છે એવો ભાસ નિર્માણ કરે છે. પણ આ તો ખરેખર પ્રભુનું જ અનોખું આયોજન હોય છે. તે ઠેકાણે અહંકાર જોડાતા જ અહંકારના હકુમત નીચે કામ કરનાર અપરા પ્રકૃતિમાંનાં મન, પ્રાણ, શરીર ઉપર ચૈત્યપુરુષ અપ્રત્યક્ષ રીતે કાર્ય કરી શકે છે. આ જ તે ઘટનાનો ઉદ્દેશ હોય છે. તેથી ચૈત્યપુરુષની દૃષ્ટિએ તો અહંકાર તેની નિમ્ન પ્રકૃતિ સાથે જોડાણ કરવાનું એક સાધનમાત્ર છે.

આમ ચેતના જીવાત્મા દ્વારા વૈશ્વિક કક્ષાએ અને વ્યક્તિગત કક્ષાએ બન્ને કક્ષાએ કાર્ય કરતી હોય છે. વૈશ્વિક કક્ષાએ તે સીધેસીધી જીવાત્મા મારફત કામ કરે છે જ્યારે વ્યક્તિગત કક્ષાએ તે જીવાત્મા-ચૈત્યપુરુષ-અહંકાર આ હારમાળા દ્વારા કાર્ય કરે છે અર્થાત્ આ રીતે માધ્યમો દ્વારા જ કાર્ય કરવાનું તેને બંધન નથી તે પોતે જગતરૂપ પણ હોવાથી સીધે સીધું કાર્ય (direct-action) પણ કરી શકે છે અને ઉપર જણાવેલા માધ્યમો દ્વારા અપ્રત્ક્ષ રીતે (Indirect-action) પણ કરી શકે છે.

ઉત્ક્રાંતિમાંના કોઇ અવરોધને નિવારવા તે ઘણી વખત સીધેસીધું કાર્ય કરે છે. ઘણી વખત અવતારો દ્વારા અપ્રત્યક્ષ રીતે પણ કાર્ય કરે છે. સીધેસીધા કાર્યમાં ઉત્ક્રાંતિમાં કોઇ કૂદકો લેવાતો જણાય છે જ્યારે અપ્રત્યક્ષ કાર્યમાં તે ધીમે ધીમે ઉત્ક્રાંત થતી જણાય છે.

ચેતના ઉત્ક્રાંતિમાં અગ્રભાગે આવીને પણ કામ કરે છે અથવા પાર્શ્વભૂમિમાં રહીને પણ. જ્યારે તે પાર્શ્વભૂમિમાં રહી કાર્ય કરે છે ત્યારે કોઇ ગૂઢ અચેતન શક્તિ કાર્ય કરતી લાગે છે. અણુ પરમાણુમાં હાલ તે આ રીતે કાર્ય કરી રહી છે.

આ કાર્ય દ્વારા તે જે તે તત્ત્વોનાં ઘાટ પોતાના કાર્ય માટે રચે છે, તેને જ શરીર કહેવાય છે. આવી રીતે ત્રણ કક્ષાના ઘાટ રચાયા છે. ચૈતસિક કક્ષાના ઘાટને કારણ શરીર, માનસિક પ્રાણમય કક્ષાના ઘાટને સૂક્ષ્મ શરીર અને સ્થૂળ કક્ષાના ઘાટને ભૌતિક શરીર કહેવામાં આવે છે.

ચેતનાના કાર્યને કારણે જે વિકાસ સધાય છે તે ઉપરથી નીચે અને અંદરથી બહાર એ દિશાએ જ વધતો હોય છે. ઉત્ક્રાંતિની આ નિશ્ચિત દિશા છે. તેમજ વિકાસ વ્યક્તિ ચેતનાથી વૈશ્વિક ચેતના તરફનો હોય છે.

જ્યારે અપરાપ્રકૃતિ આવા વિકાસને કારણે પૂરેપૂરી પરાપ્રકૃતિ બની જાય

(અનુ.પાના નં.૨૨ ઉપર)

# અતિમનસ - સાધના

## અતિમનસનો આવિર્ભાવ

પ્રકરણ - ૪

(સુંદરમ્ કૃત ભાષાંતર અતિમાનસ - પેજ ૬૨-૬૯ ઉપર આધારિત)

અતિમાનસ જગત સૂક્ષ્મપાર્થિવ સ્તરે અવતરણ પામ્યું (અનુભૂતિ ૨૯-૨-૫૬ - સુવર્ણમય બંદ દ્વારની) અને તે પછી સૂક્ષ્મ પાર્થિવ સ્તરે સાકાર થવા માંડ્યું (અનુભૂતિ ૩ - ૨ ૫૮ - સ્ટીમરની અનુભૂતિ) તે વખતે માતાજીએ જાહેર કરેલું કે જે જે વસ્તુઓનાં વચન અપાયાં છે તે બધાં સિદ્ધ થયાં છે. ત્યારે લોકોને પ્રશ્ન નિર્માણ થયો કે તે વચન ક્યારે અપાએલાં ? કોણે આપેલાં અને સિદ્ધ થયાં એટલે ખરેખર શું થયું ? માતાજીએ તે પ્રશ્નોનાં જવાબ આપેલાં છે. પ્રાચીન, મધ્યયુગીન અને અર્વાચીન સંતો, યોગીઓ પયગંબરોએ એક નવીન સ્વર્ગ પૃથ્વી ઉપર અસ્તિત્વમાં આવશે, એવી ઘોષણા કરેલી તે છે વચન આપાએલી વસ્તુઓ અને વચન આપનાર વ્યક્તિઓ. તે વચનો સિદ્ધ થયાંનો અર્થ છે તે અતિમનસ સૃષ્ટિ. હવે સૂક્ષ્મ પાર્થિવ સ્તરે અસ્તિત્વમાં આવી ગઈ છે અને ભૌતિક સ્તરે પ્રગટ થવાનું આયોજન થઈ રહ્યું છે.

આ જે નવી જાતિ પ્રગટ થઈ રહી છે તે ધીમે ધીમે તબક્કાવાર પ્રગટ થવાની છે અને આ પ્રગટ થવાની બે પદ્ધતિઓ હશે :

૧ તે છૂટી છવાઈ વ્યક્તિઓ તરીકે દરેક દેશમાં જન્મવાની છે.

૨ તે આંતરિક રીતે પોતાની વિશેષતા તરીકે સભાન હશે પણ હજી તેને ભૌતિક સ્તરે પ્રગટ થવા નહિં દે. તેઓ પોતાના આંતરિક જીવનને બાહ્ય-ભૌતિક જીવન સાથે તાળમેળમાં રાખવાનો પ્રયત્ન કરશે. છતાં તેઓનું વર્તન સામાન્ય માનવોને વિચિત્ર જ લાગશે.

માતાજીના મતે સમાજમાં આવી ઘટનાઓ સર્વસામાન્ય બનવા માટે હજી થોડાક વર્ષો તો લાગશે જ.

આ અતિમનસ - ચેતના ધરાવતી વ્યક્તિને ઓળખવી મુશ્કેલ છે. જેઓ

કોઈપણ પ્રકારે અતિમનસ શક્તિ સાથે થોડાં ઘણાં પણ સંપર્કમાં હશે, તેમને જ તેનો આછોપાતળો ખ્યાલ આવશે. માતાજી તે સમજવા સાબરની વાત કહે છે. સાબરનો જાણકાર શિકારી જ નદી કિનારે પડેલા સાબરના પદ્‌ચિહ્‌નો જોઈને તે ક્યા પ્રકારનું છે, કેટલું વજન ધરાવે છે, કઈ દિશામાં ગયું છે, તે જણાવી શકે છે. અન્યો નહિં. તેમ જાણકાર જ અતિમનસ માનવોને ઓળખી શકશે.

આ અતિમનસ અવતરણની વિશેષતા એ છે કે આ પહેલાં નવી યોનિ નિર્માણ કરવા થએલા વિવિધ તત્ત્વોનાં અવતરણો, જેમાં અવતરણ થયું તે વ્યક્તિની જાણ બહાર થએલ છે. તેને વિકસાવવા તેમણે સભાન પ્રયત્ન કરેલ નથી. કુદરતે જ વિવિધ પરિસ્થિતિ નિર્માણ કરી તેમને આગળ ધકેલ્યાં છે પણ આ વખતે માનવ સભાન બનીને આ પ્રક્રિયાને સહયોગ આપવાનો છે. આ જ વિશેષતા છે.

માતાજીએ મધર ઈન્ડિયાનાં એપ્રિલ ૧૯૫૦ અને મે ૧૯૫૬ના અંકોમાં ‘અવતરણ’ અને ‘આવિર્ભાવ’ આ બે વચ્ચે સૂક્ષ્મ તફાવત દર્શાવ્યો છે. ૧૯૫૦માં શ્રી અરવિંદે માતાજીમાં જે અતિમનસ શક્તિ પોતાના દેહત્યાગ પહેલા સ્થાનાંતરિત કરી તે માતાજીમાંના વિજ્ઞાનમય કોષને સક્રિય કરવા માટે. તે વ્યક્તિગત પ્રક્રિયા હતી. તેને કારણે માતાજીમાં અતિમનસ તત્ત્વના અવતરણની શરૂઆત થવા માંડી. ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના સમી સાંજે પ્લે ગ્રાઉન્ડ ઉપર જે ઘટના બની તેને લોકો ભલે અવતરણ કહે પણ ખરેખર તે આવિર્ભાવની ઘટના હતી. અવતરણ વ્યક્તિગત સ્વરૂપમાં થાય છે. તે એકલ-દોકલ ઘટના હોય છે. જ્યારે આવિર્ભાવ એ વૈશ્વિક ઘટના હોય છે. તેમાં તે તત્ત્વ અથવા શક્તિ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશીને બધા માટે જ ઉત્ક્રાંતિનું કાર્ય કરવા માંડે છે. અવતરણમાં ચેતનાનું આરોહણ થાય છે. ત્યાંના ઊર્ધ્વ તત્ત્વને પોતાના સ્વરૂપમાં ધારણ કરવામાં આવે છે. પછી તેને સાથે લઈને નીચે આવી તેને પોતાના સ્વરૂપમાં સ્થાયી કરાય છે. તેથી પેલા ઊર્ધ્વ અને સાધકમાંનાં બન્ને સમાન તત્ત્વોમાં જે ઉપરથી અવતરણ અને નીચેથી ધારણા થાય છે, તેને અવતરણ કહે છે. તેથી વ્યક્તિને ફાયદો થાય છે સમગ્ર યોનિને નહિ. પણ સમગ્ર યોનિને તે તત્ત્વને ધારણ કરાવવા માટે તો આવિર્ભાવની પ્રક્રિયા જ થવી જરૂરી છે.

# સુંદર કથાઓ

## બાળ વિભાગ

## પ્રભુની મિજબાની

(પેજ ૫૯)

ફ્રાન્સિસ એક મહાન સંત હતા. તેઓ એકદમ સાદું જીવન જીવતા. ગામના લોકોને પ્રભુ ઉપર પ્રેમ કરતા શિખવતા. સાદું સરળ જીવન જીવવા કહેતા. તેમને પોતાનું જીવન કૃતાર્થ લાગતું. તેઓ ઠીંગણા હતા દેખાવે પણ સામાન્ય. તેમનો એક યુવાન મિત્ર હતો. નામ માતેઓ. તે ખૂબ જ સુંદર અને ગોરો હતો. તે તેમની સાથે રહેતો પણ સદા સપનાં જોતો કે એક દિવસ તે ખૂબ જ વૈભવી, માનસન્માન સાથેનું જીવન જીવશે.

એક દિવસે સવારથી બન્ને ગામમાં નીકળી પડેલા. ચોરે બેસી લોકોને પ્રભુની દયાની વાત કરી ભક્તિની આવશ્યકતા સમજાવી. બપોર થઇ. બન્નેને ભૂખ લાગી ભિક્ષા માગવા નીકળ્યા. માતેઓ પ્રભાવી હોવાથી તેને ઘણી ભિક્ષા મળી. સંત ફ્રાન્સિસને ઓછી મળી. ભિક્ષા લઇ તેઓ ગામ બહાર નીકળ્યાં. એક ઝરણાકાંઠે પથ્થર ઉપર બેઠા. હાથ-પગ ધોયાં પછી સંત ફ્રાન્સિસે પ્રાર્થના કરી, ''પ્રભુ તું કેટલો દયાળુ છે મારી લાયકાત વગર પણ મને રોજ પેટભરીને જમવા આપે છે. રાત્રે ઘસઘસાટ ઊંઘ આપે છે. નિખાલસ મિત્રો છે. પ્રભુ આજે તે મને મિજબાની આપી છે તે માટે તમારો ખૂબ ખૂબ આભાર.''

માતિઓ બોલ્યો '' ફ્રાન્સિસ, આ રોટલાના ટુકડા તે શું મિજબાની છે ? અરે મિજબાની કેવી હોય તે શું જાણે છે? તેમાં તો વિવિધ વાનગી હોય. પિરસણિયા સલામ ભરતા હોય. દારૂ પિરસાતો હોય. મિઠાઇઓનો આગ્રહ કરતો હોય, ટેબલ હોય, કાંટા-ચમચા હોય, મધુર-સંગીત હોય.''

''માતિઓ, અરે પેટભરીને રોટલા અને પીવા માટે આ ઝરણાનું ચોખ્ખું ઠંડું જળ, સૂવા માટે ઝાડનો મીઠો છાયડો આ પ્રભુએ આપેલી મિજબાની છે, મને મારા વ્હાલાની મિજબાની ગમે. પ્રભુ જેમ રાખે , જે આપે, તેમાંજ સંતોષ માનવો, તેમાંજ અનંત સુખ છે ખોટા હવાતિયાંમાં નથી.''

માતિઓને પોતાની ભૂલ સમજાઇ.

મમ્મીની વાત પૂરી થઇ

''મમ્મી, ભગવાન આપે તે જ મને ગમશે''

પ્રોમિસ! ''પ્રોમિસ મમ્મી''

# રાષ્ટ્રીય કેળવણી

પ્રકરણ - ૩

## (ઓજસની કાર્ય પદ્ધતિ)

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ - પેજ ૬-૧૭)

બ્રહ્મચર્ય દ્વારા વીર્યનું રૂપાંતર ઓજસમાં થાય છે. માણસ સામાન્ય ચેતનામાં જીવે તો અન્ન અંતે વીર્ય નિર્માણ કરે છે જે પ્રજોત્પાદનમાં વપરાય છે. પણ અન્નમાંથી નિર્માણ થતું વીર્ય એ કાંઈ અંતિમ તત્ત્વ નથી. જો માનવ મૂળભૂત બ્રહ્મ-ચેતનામાં જીવન ધારણ કરવાનો અભ્યાસ કરે તો વીર્યનું રૂપાંતર એક તેજોમય વિદ્યુતમાં થાય છે, જેને ઓજસ્ કહે છે. પણ આ ઓજસ્ શરીરમાં કેવી રીતે કાર્ય કરે છે તે સમજી લેવું જરૂરી છે.

આપણું માનવી શરીર શારીરિક - કોષોનું બનેલું છે. શારીરિક કોષોમાં આપણા આનુવંશિક ગુણોનું પ્રોગ્રામિંગ થએલ હોય છે. તેથી તે પ્રોગ્રામિંગ સતત આપણા વિચારો, ભાવનાઓ અને વર્તન ઉપર પરિણામ - કરતા જ હોય છે. જ્યાં સુધી આ પ્રોગ્રામિંગ ન બદલી શકીએ ત્યાં સુધી કોઈ પણ શિક્ષણ-પદ્ધતિમાં સંસ્કારો ઉપરછલ્લા જ રહેશે. અને માનવી સ્વભાવ સુસંસ્કૃત થવાની શક્યતા નથી. તેથી આ પ્રોગ્રામિંગનો નાશ કરી પ્રજ્ઞા-જાગરણ માટે ઉપયોગી પ્રોગ્રામિંગ કરવું જરૂરી છે.

માતાજીએ કોષોથી સાધનાની જે પદ્ધતિ શોધી કાઢી છે તે આ પ્રોગ્રામિંગ બદલવા જ. આ પ્રોગ્રામિંગ એ જ અચેતન અને અવચેતનનો આપણા સ્વભાવ અને વર્તન ઉપર પ્રભાવ પાડવાનું એકમાત્ર સાધન છે. આ પ્રોગ્રામિંગ એ જ અવચેતન છે.

માતાજીએ આ પ્રોગ્રામિંગ કેવી રીતે થએલ છે, તેનો પોતાની અનુભૂતિઓ દ્વારા અભ્યાસ કરીને નીચેની વિગતો જણાવેલ છે :

૧ આપણા શારીરિક કોષો પૃથ્વી તત્ત્વમાંથી બનેલાં છે. આ પૃથ્વી ઉપર અનંતકાળથી અનંત વનસ્પતિ, પશુપક્ષી, માનવો નિર્માણ થયાં છે. તેમણે પોતાના જીવન દરમિયાન ઘણા અનુભવો, વિકારો, સુખદુઃખ અનુભવ્યાં છે. તેની સ્મૃતિરૂપે તે ભાવો તેમનાં શારીરિક કોષોમાં પ્રોગ્રામિંગ થએલ છે. તે બધા પ્રાણીઓ નાશ પામતા તેમનાં શારીરિક - કોષો પાર્થિવ તત્ત્વમાં ભળી ગયાં છે

પણ તેમનું પ્રોગ્રામિંગ યથાવત્ ટકી રહે છે. આમ સમગ્ર પાર્થિવતત્ત્વમાં તેમનું પ્રદૂષણ ફેલાએલ છે. આ પાર્થિવતત્ત્વમાંથી શાકભાજી, ફળ, કંદમૂળ, અનાજ પાકે છે. તે માનવો આહાર તરીકે લે છે. આ રીતે તે પ્રોગ્રામિંગ માનવ શરીરમાં દાખલ થાય છે. વંશ-વારસાથી પણ દાખલ થાય છે અને સંગત સોબતથી પણ નવા પ્રોગ્રામિંગ થાય છે. આવી રીતે આપણા શારીરિક કોષો કોરી પાટી નથી. તે બધાના સામૂહિક પરિણામ રૂપે આપણો સ્વભાવ, પ્રકૃતિ રચાય છે.

ઉપનિષદોમાં પણ ઋષિઓએ આ વાસ્તવિકતાઓનો ઉલ્લેખ કરેલો છે.

૨ આપણા શારીરિક - કોષો ટેપ કે સીડી જેવા હોય છે. ટેપ કે સીડીમાં જેમ રેકોર્ડિંગ થાય તેવું જ કોષોમાં થાય છે.

૩ પ્રોગ્રામિંગ જ્યારે સક્રિય બને છે (activate) ત્યારે શું થાય છે, તે માતાજીને પોતાની અનુભૂતિઓ દ્વારા જાણેલું ત્યારે સતત કોષોમાંથી એક વિશેષ પ્રકારના નાદનાં આંદોલનો સતત નીકળવા માંડે છે અને કોષોમાંથી આંતર પ્રકાશનાં ઝબકારા નીકળવા લાગે છે. જૈનશાસ્ત્રોમાં આ ઝબકારાઓને 'લેશ્યા' તરીકે વર્ણવી છે. વેદોમાં આમને 'ઓજસ્‌નાં ઝબકારા' તરીકે ગણાવે છે. આ વિદ્યુત-ચુંબકીય આંદોલનો હોય છે, જેને વેદો 'પ્રાણ-શક્તિ' કહે છે. આ આંદોલનોને પાસેના કોષો ગ્રહણ કરે છે અને આ રીતે સમગ્ર શરીરમાં તે પ્રાણમય આંદોલનો ફેલાઈ જાય છે, જે મગજમાં પ્રવેશતાં જ વિચાર, ભાવના, વિકાર કે માનસચિત્ર (સ્મૃતિ) તરીકે આપણે અનુભવીએ છીએ.

૪ આવા કોષોનાં ઝબકારા અને આંદોલનોને પોતાનો પ્રકાશ રંગ અને પ્રતીકાત્મક આકાર પણ હોય છે. આવા આકારોને શ્રી અરવિંદ પ્રાણમય કે મનોમય ઘડતરો તરીકે વર્ણવે છે.

૫ આપણે શબ્દ-ધ્વનિ દ્વારા અને તે શબ્દના અર્થ મુજબ ભાવના કરવાથી પણ આવા પ્રકાશમય આંદોલનો સર્જી શકાય છે અને તેનો પરિણામ પણ શારીરિક - કોષો ઉપર થાય છે. મંત્રશાસ્ત્રનું આ જ મૂળભૂત પાયાનું સત્ય છે. તેથી માતાજી જણાવે છે કે મંત્ર - જપથી શારીરિક કોષોનાં આંદોલનો બદલી શકાય છે. અર્થાત્ પ્રોગ્રામિંગ બદલી શકાય છે. માતાજી 'ઓમ નમો ભગવતે' આ મંત્ર જાપ અને સાથે સંપૂર્ણ શરણાગતિનો ભાવ ધારણ કરીને આ રીતે કોષોનું રૂપાંતર કરવામાં યશસ્વી થયા હતાં. કોષોનું રૂપાંતર એટલે કોષોમાંના જૂનું પ્રોગ્રામિંગનો નાશ કરી પ્રજ્ઞા - જાગરણને માટે અથવા આત્મજાગૃતિને માટે અનુરૂપ પ્રોગ્રામિંગ કરવું.

૬ માતાજીએ નોંધ્યું છે કે કોષોના પ્રોગ્રામિંગમાં શરીરની આંતરિક ચયાપચય પ્રક્રિયા, ટેવો વગેરેનો સમાવેશ થતો હોવાથી ઘણી વખત તે પણ જો ભૂંસાઈ જાય તો શરીરમાં વિક્ષેપો નિર્માણ થવાની શક્યતા રહે છે. માતાજીને પોતે તે વિક્ષેપોને કારણે કોમા જેવી સ્થિતિ થઈ જતી અથવા કોળીઓ ગળવાની પણ તકલીફ થઈ જતી.

૭ આના ઉપાય તરીકે માતાજી જણાવે છે કે ભૂલથી પણ પોતાના મનના વિચારો કોષો ઉપર પ્રક્ષેપિત કરીને નવું પ્રોગ્રામિંગ કરવાનો પ્રયત્ન કરતા નહિં પણ પોતે એક આંતરિક પ્રકાશમય ગ્રહણશીલ અવસ્થામાં, સમર્પિતભાવમાં રહેશો તો પ્રજ્ઞાશક્તિ જ અંદરના જરૂરી પ્રોગ્રામિંગને પોતે જ બચાવી રાખશે અને આવી વિપદાઓ ટળી જશે.

૮ આંતરિક પ્રકાશમય ગ્રહણશીલતા દરમિયાન કોષો આંતરિક પ્રકાશથી ઝળહળી ઊઠ્યાં છે અને તેમનું પ્રકાશમય વિસ્તરીકરણ થાય છે. (luminous expansion) એવું માતાજીએ નોંધ્યું છે.

૯ પ્રકાશમય વિસ્તરીકરણની સ્થિતિમાં ખરેખર તો કોષોમાં રહેલી પ્રજ્ઞા - શક્તિ જાગૃત થઈને વ્યક્ત થવા લાગી જાય છે. તે પોતે પ્રકાશમય (ઓજસ્) હોવાથી તે પ્રકાશમય ફેલાવો દેખાય છે.

૧૦ પ્રકાશમય વિસ્તરીકરણ વખતે પાર્થિવ તત્ત્વમાંની ઘનીભૂતતા ઘટી જઈ તે વધારે સંવેદનશીલ અને ચેતનવંતુ લાગે છે. પાર્થિવતત્ત્વમાં તમસ કે અચિત્‌ના મિશ્રણને કારણે તે જડ, અસંવેદનશીલ બની ગએલ છે. સાચું પાર્થિવ તત્ત્વ, દિવ્ય-પાર્થિવતત્ત્વ તો પ્રકાશમય, ચેતનવંતુ આકારને સંકલ્પમાત્રથી બદલતું હોય છે. આવા દિવ્ય-પાર્થિવ તત્ત્વનું જ અતિમનસ શરીર બનેલું હશે એવું શ્રી અરવિંદ જણાવે છે.

## જાહેર આભાર

**ભારતીબેનના દેહવિલય નિમિત્તે જે અનેક મહાનુભાવોના શોક-સંદેશ આવેલાં છે, તેમને વ્યક્તિશઃ પત્રદ્વારા આભાર માનવો શક્ય ન હોવાથી ટ્રસ્ટી મંડળ તે સહુનો જાહેર આભાર માને છે. - ટ્રસ્ટી મંડળ.**

# શ્રી અરવિંદના બે અક્ષર દેહ

(૧૫ ઑગસ્ટના આવિર્ભાવ દિન નિમિતે)

ત્રેવીસ નવેંબર ૧૯૩૮ની મોડી રાત, રાતનાં બે વાગ્યા હતાં. પુરાણીજી શ્રી અરવિંદને નહાવા માટે ગરમ પાણી કરવા ઊઠ્યા ત્યાં ભયસૂચક ઘંટડી વાગી. પુરાણીજીને ઉપરથી માતાજીએ જણાવ્યું કે ડૉ. મણિલાલને તાત્કાલિક બોલાવે. શ્રી અરવિંદ પડી ગયા છે.

વડોદરાથી દર્શને આવેલા ડો. મણિલાલ હાજર થયા. શ્રી અરવિંદ ભોંયતળિયે સૂતાં હતા. જમણા સાથળનું હાડકું ભાંગી ગયાનું નિદાન થયું. શ્રી અરવિંદ લેખન કાર્ય પતાવી બાથરૂમ જવા ઓરડામાંથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે વ્યાઘ્રચર્મના મસ્તકમાં જમણાપગનો અંગૂઠો અટવાઇ ગયો અને આ અકસ્માત થએલો. સાથળનાં ભાંગેલા હાડકાં ઉપરાંત તે જ પગનો અંગૂઠો પણ જગ્યાએથી ખસી ગએલો જણાયો.

શ્રી અરવિંદને જણાયું કે ફક્ત રોગ અને મૃત્યુ ઉપર જ વિજય મેળવવાનો નથી. અકસ્માત ઉપર પણ મેળવવો જરૂરી છે. શ્રી અરવિંદે મજાકમાં જણાવેલું રાતે માતાજી આરામ માટે નિવૃત્ત થયા હોય અને દેવો નિદ્રાધીન હોય એવા સમયે જ આસૂરી શક્તિઓ પોતાનું કામ પતાવવાની ઉતાવળ કરે છે.

ડૉ. નિરોધબરન, ચંપકલાલજીની અખંડ સેવા અને ડૉ. મણિલાલનાં વૈધકીય ઉપાયોથી નવેંબર ૧૯૩૯ પછી શ્રી અરવિંદ ફરી કાર્યરત થવાનો સમય આવી ગયો.

માંદગી દરમિયાન ધ્યાન દ્વારા મનને નિરવ કરી શરીરનાં કોષોમાં દિવ્યશક્તિનું અવતરણ કરાવવા શ્રી અરવિંદને પૂરતો સમય મળી ગયો હતો, તેને કારણે સક્રિય બનેલી પ્રજ્ઞાશક્તિની મદદથી હવે લેખનકાર્ય સોળે કળાએ ખીલી ઊઠવાની તૈયારીમાં હતું. શ્રી અરવિંદના વિરાટ અક્ષરદેહનું પ્રકાશન હવે અવશ્યંભાવી હતું. શ્રી અરવિંદના નિરવ મનમાં પ્રજ્ઞાશક્તિએ નિર્માણ કરેલી પ્રકાશમય આંતર-દૃષ્ટિની ધારાઓ વિપુલ ઝરણાઓની જેમ બે કાંઠે વહેવા લાગી હતી. શ્રી અરવિંદ તો પથારીમાં બેસતા. ફ્રેકચર થએલો જમણો પગ સીધો લંબાવી રાખતા, ખોળામાં પેડ રાખી અખંડ રીતે લખતાં રહેતા. પથારીના ટેબલ ઉપર માતાજીએ ત્રણ પેન, બે પેન્સિલ અને કાગળનો થપ્પો ગોઠવેલ હતો. શ્રી

અરવિંદને પોંડીચેરીના ઉકળાટને કારણે પરસેવો છૂટતો, તેઓ હાથેથી મોઢા ઉપરનો છાતી ઉપરનો પરસેવો લૂછી નાંખતા. બપોર સુધીમાં તો પથારી પલળી જતી. ચાદર બદલવી પડતી. તે વખતે ફેન(પંખા) નહોતાં.

શ્રી અરવિંદનું સમગ્ર સાહિત્ય ૧૯૭૨ની આસપાસ બાવીસ દળદાર ગ્રંથોમાં પ્રસિદ્ધ થયું છે. તેમાં બધાજ સાહિત્ય પ્રકારોનો સમાવેશ થએલ છે. પ્રથમ ગ્રંથમાં રાજકીય લખાણો, બીજામાં કાવ્ય, ત્રણ અને ચારમાં નાટકો અને ટૂંકી વાર્તાઓ.

તેમનું આધ્યાત્મિક - સાહિત્ય સર્જન નીચે મુજબ રહ્યું છે. (૧) આર્ય માસિકમાં ૧૯૧૪ થી ૧૯૧૯ દરમિયાન ધારાવાહિક રૂપનું પ્રકાશન- 'દિવ્યજીવન' જેનું મૂળ નામ હતું 'ઈશોપનિષદ ઉપરની ટીકા'. (૨) ભારતમાં પ્રચલિત જ્ઞાન, ભકિત, કર્મ યોગનો સમન્વય કરી સમગ્ર અને સર્વાંગી પૂર્ણયોગની સમજણ આપતો 'યોગમાર્ગનો સમન્વય' (૩) શ્રી અરવિંદના શિષ્યોને સાધનાની ગૂંચો સમજાવતા પત્રોનો સંગ્રહ 'યોગ પર પત્રો' ત્રણ ગ્રંથો સ્વરૂપે (૪) શ્રી અરવિંદનો સમગ્ર સાધનાંર્તગત અનુભૂતિઓનું પ્રતીકાત્મક કાવ્ય દર્શન સ્વરૂપનું મહાકાવ્ય સાવિત્રી (૫) ભારતીય સંસ્કૃતિ ઉપર ઊંડી સમજણ આપતો 'ભારતીય-સંસ્કૃતિના પાયા' (૬) વ્યક્તિગત વિકાસના આધારે સામજિક વિકાસનું નિરૂપણ કરતો માનવવિકાસ ચક્ર અને 'માનવ એકતાનો આદર્શ' (૭) શ્રી અરવિંદને તેના પોતાની બાબતમાં પૂછેલા પ્રશ્નોની પ્રશ્નોતરી ''શ્રી અરવિંદો ઓન હિમસેલ્ફ'' (૮) ભારતીય સંસ્કૃતિના શિક્ષણના ઉદ્દેશને સ્વીકારી આધુનિક રાષ્ટ્રીય-કેળવણી બાબતના લખાણોનો સંગ્રહ 'રાષ્ટ્રીય કેળવણી' અને શ્રી અરવિંદના આખરી લખાણનો સંગ્રહ અતિમનસ આવિર્ભાવ (૯) શ્રી અરવિંદની મા આદ્યાશકિતનાં સ્વરૂપો, કાર્યો અને તેમને જીવનમાં દિવ્યકર્મ તરીકે પ્રવાહિત કરવાની સમજણ આપતો ગ્રંથ 'મા'. શ્રી અરવિંદને સમગ્ર રીતે સમજવા માટે તેમના ગ્રંથોને સમગ્રતાથી અભ્યાસ કરવો જરૂરી છે. તો જ શ્રી અરવિંદની વિશાળ, ખોટા અભિનિવેષ વગર ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને સાચા આધ્યાત્મિક દૃષ્ટિકોણથી આવરી લેતી, આધુનિક જીવનને અનુરૂપ, સમગ્ર માનવજાતનો સમાવેશ કરતી આર્ષ-દૃષ્ટિને આપણે સમજી શકશું, પચાવી શકશું અને જીવનમાં ઉતારી શકશું. સાચી જીવનનિષ્ઠા કેળવવાનો આ જ ઉત્તમ માર્ગ છે. શ્રી અરવિંદનો યોગ એક સંકુચિત સંપ્રદાય ન બની જાય તેની કાળજી લેવી જરૂરી છે કારણ માનવ-વંશની ઉત્ક્રાંતિનો આ સવાલ છે, ન કે શ્રી અરવિંદના શિષ્યોના વિકાસનો જ. સમગ્ર જગતનાં ભવ્ય વારસાનું સારતત્ત્વ લઇ આધુનિક વિજ્ઞાનને

આવકારતાં આવકારતાં, બધી સંસ્કૃતિઓનો આદર કરતા કરતા જ આ શકય બનશે.

આ માટે જરૂર છે વિશાળતમ સમન્વયકારી આધ્યાત્મિક દૃષ્ટિકોણ અને નિષ્ઠાનો. આ થઇ શ્રી અરવિંદના સાહિત્ય સર્જનરૂપ અક્ષર-દેહ નિર્માણની, હવે વાત આવે છે સાચા ભૌતિક અક્ષર-દેહ નિર્માણની.

માતાજીને અનુભૂતિ આવેલી કે શ્રી અરવિંદે દેહ ત્યાગ કર્યા બાદ પણ સૂક્ષ્મ-પાર્થિવ સ્તરે તેમણે પોતાનો દેહ ટકાવી રાખ્યો છે અને અતિમનસ જગત ભૌતિક જગતમાં આવિર્ભાવ થઇને સ્થાયી ન થાય ત્યાં સુધી તે સૂક્ષ્મ શરીરને ટકાવી રાખવાનો તેમનો સંકલ્પ છે. તેઓ તે સૂક્ષ્મ શરીરથી જેમની તેમના પ્રત્યે સાચી નિષ્ઠા અને સમર્પણ હશે તેમને પોતે આંતરિક પ્રેરણાઓ દ્વારા, તેમની જરૂરી ક્ષમતાઓના વિકાસ દ્વારા, તેમના કાર્ય માટે અનુકૂળ પરિસ્થિતિ રચીને, તેના કાર્યને ઉપયોગી સહાયકો મોકલીને, આવા વિવિધ સ્વરૂપે અતિમનસ-ઉત્ક્રાંતિને આગળ ધપાવી રહ્યાં છે. આ માટે જ તેમણે સૂક્ષ્મ-શરીરનાં વિઘટનની પ્રક્રિયા થંભાવીને તેને સ્થાયી કરી છે. જ્યારે ધરતી ઉપર પ્રથમ અતિમનસ શરીર સર્વાંગપૂર્ણ રીતે રચવાની શકયતા નિર્માણ થશે ત્યારે તેઓ પોતે ભૌતિક દેહ ધારણ કરશે અને તે હશે તેમનો સાચો ભૌતિક અક્ષરદેહ, અર્થાત્ આવો અક્ષર અર્થાત્ અવિનાશ દેહ રચવાને હજી ઓછામાં ઓછા ત્રણસો વર્ષ લાગશે એમ માતાજીનો અંદાજ છે.

પણ આ અક્ષરદેહ કેવો હશે તેની ઝાંખી માતાજીને પોતાની અનુભૂતિમાં આવેલી તે મુજબ હાલનાં શરીરમાં નીચેનાં ફેરફારો થશેઃ

૧) હાલનું શારીરિક તત્ત્વ એ સાચું મૂળ શારીરિક તત્ત્વ નથી. તે મૂળ શારીરિક તત્ત્વ અને અને તમસ બન્નેનાં મિશ્રણ થએલું છે અને તેથી બન્નેનાં થોડા થોડાં ગુણધર્મો ધરાવે છે, તે તમસની જેમ જડ, સુસ્ત છે અને પરિસ્થિતિને અનુરૂપ તરત થવાની નમનીયતા ધરાવતું નથી જ્યારે પાર્થિવ તત્ત્વની જેમ થોડા ઘણાં ઓજસ્ તત્ત્વને ધારણ કરતું હોવાથી ચેતનાનો આધાર બનવાની ક્ષમતા થોડી ઘણી તેમાં છે.

૨) તેને શકિત મેળવવા બહારનું અન્ન લઇ તેમાંથી પોષક દ્રવ્યો જુદા પાડીને શકિત મેળવવી પડે છે છતાં તેમાં સીધેસીધા વૈશ્વિક શક્તિઓ મેળવવાની બીજસ્વરૂપ ક્ષમતા તો છે જ. ઉત્ક્રાંતિમાં આ બધા લક્ષણો અને પ્રક્રિયાઓમાં મૂળભૂત તફાવત લાવવામાં આવશે જે નીચે મુજબનાં હશેઃ

૧) અન્ન પચાવવા, તેમાંથી પોષક રસો જુદા પાડવા, નકામો ભાગ

શરીરમાંથી ફેંકી દેવા, રસોને સમગ્ર શરીરમાં પહોંચાડવા જે ક્રમશઃ પાચન સંસ્થા, ઉત્સર્જન સંસ્થા, રક્તાભિષરણ સંસ્થા જેવી આંતર ઇન્દ્રિયો છે તેમના બદલે મગજમાંની પિચ્યુટેરી-ગ્લેંડ સૂર્ય-બેટરી અથવા સન-બેટરી જેવું કામ કરીને સીધે સીધી શારીરિક વિદ્યુત અથવા ઓજસ્‌નો પુરવઠો પ્રાપ્ત કરશે.

૨) શરીરનાં ઉપર જણાવેલાં અવયવો શરૂઆતમાં સૌરઊર્જા ઉપર કામ કરતાં થશે અને પોતાનું નિયત કામ કરશે. પછી ધીમેધીમે રસોદ્વારા ઓજસ્‌ નિર્મિતિનું કાર્ય સદંતર બંધ કરીને બધાજ અવયવોને સીધેસીધી સૌરઊર્જા આપવામાં આવશે.

૩) પ્રજોત્પાદન સંસ્થામાં પણ મૂલભૂત તફાવતો પડશે. ગર્ભધારણાની પ્રક્રિયાને બદલે દંપતી સંકલ્પબળે પોતાની સૌરઊર્જાના સંયોગના બળે નવું શરીર રચશે જે તેમનું બાળક ગણાશે. (મમ તેજાંશ સંભવઃ) તેથી પ્રજોત્પાદન સંસ્થા નકામી બની ખરી પડશે.

૪) સંકલ્પની તીવ્રતાનુસાર આ તેજોમય દિવ્ય શરીરને વજન હશે. આ પાર્થિવ તેજ હશે. હાલનો સૂર્યપ્રકાશ આ સ્વરૂપનો જ છે. તેમાં વજન છે જ, નહિં તો ગુરુત્વાકર્ષવના પ્રભાવથી તેઓ વક્રીભવન પામત જ નહિં. વજન વગર ગુરુત્વાકર્ષણ સંભવ નથી.

૫) વજન હોવા છતાં આ શરીર નમનીય હશે. બધી જ આંતરપરિસ્થિતિ અને બાહ્ય પરિસ્થિતિ અનુસાર તે પોતાનું રૂપ અને આકાર બદલી શકશે, આવી નમનીયતાને કારણે તેને મૃત્યુની જરૂર નહિ રહે. શરીર આંતરબાહ્ય પરિસ્થિતિને અનુકૂળ ન થવાથી જ રોગ, મૃત્યુ, યાતના દુઃખો ભોગવાય છે. આ નૂતન શરીરમાં પૂરેપૂરી નમનીયતા હોવાથી તેને માટે હવે દુઃખ, યાતના, રોગ, મૃત્યુ આવી ઘટનાઓ રહેશે જ નહિં.

૬) દિવ્ય-શરીરમાં પાર્થિવતાજ નહિં હોય એ ખોટો ખ્યાલ છે. તેમાં તમસયુકત પાર્થિવતા નહિં હોય પણ દિવ્ય-પાર્થિવ તત્ત્વ તો હશે જ, 'સત્‌' નું એકરૂપ જ દિવ્યપાર્થિવતત્ત્વ છે.

આવું શરીર રચવાનો જયારે પ્રથમ પ્રયત્ન યશસ્વી થશે તે શરીરમાં શ્રી અરવિંદ ફરી જન્મ લેશે. આ શ્રી અરવિંદનો સાચો ભૌતિક અક્ષર દેહ હશે.

આમ શ્રી અરવિંદના આ બે અક્ષર દેહો છે. બન્ને બાબત આપણે આ પ્રસંગે આદર વ્યકત કરીએ અને તેમના પગલે અમને ચાલતા રાખવાની પ્રાર્થના તેમના ચરણે ધરીએ.

## ધુમાનજીનું પૂણ્યસ્મરણ

ધુમાનજીએ ૧૭-૮-૯૨ના રોજ દેહ છોડ્યો. માતાજીની તેમની ઉપર વિશેષ કૃપા હતી. ન તેમણે પ્રવચનો આપ્યાં, ન પુસ્તકો લખ્યાં. ફક્ત માતાજીના કર્મયોગી અને 'Yes - Mother' બની રહ્યાં. વેદપ્રકાશજીને તેમણે જણાવેલું કે પોંડીચેરી આવ્યા ત્યાં સુધી તેમને એક આંતર પ્રકાશે સતત માર્ગદર્શન આપેલું. આ આંતરિક વાસ્તવિકતાને કારણે જ શ્રી અરવિંદે તેમને 'ધુમાન' નામ આપ્યું. ધુમાન એટલે પ્રકાશમય, જ્યોતિર્મય, અથવા જ્યોતિર્ધર.

આવી જ્યોતિ અર્થાત્ પ્રજ્ઞાનું જાગરણ થતાં જ તે દરેક ક્ષેત્રે પોતાની કોઠાસૂઝ બતાડી શકે છે. તેથી જ માતાજીએ જણાવેલું કે ગણપતિ, લક્ષ્મી, કુબેર અને મહાસરસ્વતી ધુમાનજીનાં મિત્રો હતાં.

તેઓ સાચા અર્થમાં યોગી હતાં. કારણ સમર્પણભાવથી કર્મો કરવાની કુશળતા તેઓમાં હતી. 'યોગઃ કર્મસુ કૌશલમ્'.

(પાના નં.૨૮ ઉપરથી) **વિજ્ઞાન અને અધ્યાત્મ**

એક જ છે, પણ તેના વિવિધ આવિર્ભાવોની આવિર્ભાવ પ્રક્રિયાના અલગ અલગ નિયમો છે અને તેથી જુદા જુદા શાસ્ત્રોનાં જુદા જુદા નિયમો માન્ય રાખવા છતાં તેમનો અંતિમ વિષય તો એક જ સર્વવ્યાપી સત્ય છે - 'એકં સત્ વિપ્રાઃ બહુધા વદંતિ.' આ બધા જ શાસ્ત્રોને યોગ્ય ક્ષેત્ર આપવાની સમન્વયાત્મક વિશાલ દષ્ટિ ભારતીયોએ જેમ ભૂતકાળમાં કેળવેલી તે હવે સમગ્ર માનવ-જાતે કેળવવાની જરૂર છે.

બધા જ શાસ્ત્રોની સંશોધન પદ્ધતિમાં નાનામોટા તફાવત માન્ય કરવા છતાં એકંદરે બધાજ શાસ્ત્રો પ્રયોગાત્મક સિદ્ધાંતને મહત્ત્વ આપવા લાગ્યાં છે.



**શ્રી અરવિંદ**

શ્રી અરવિંદને જોઈને, બોલે વેણ જગમાત,
પ્રભુ કાર્ય સંપન્ન થશે, વહેલુંમોડું પણ ખાસ.




શ્રી અરવિંદ : જન્મદિન - ૧૫ ઓગષ્ટ

## આશિષ વર્ષા

**એક્ઝોરા પ્રચુર વધે, ઝુમખે ઝુમે મુદા,**
**તેમ જીવન સમૃદ્ધ બને, તવ કૃપાની સાથે સદા.**

---


# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH